તમામ પરીક્ષાઓમાં રેકોર્ડ બ્રેક સ્કોર કરાવતું હસ્તલિખિત મેગેઝિન

# જૂન 2024

## PART 2
Dt. 16 to 30

કરન્ટ અફેર્સ તો Crack GPSC નું જ


ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

CRACK GPSC

UPSC - GPSC - PI - PSI - RFO

Dy. SO/મામ. | કલર્ક | તલાટી | કોન્સ્ટેબલ

CCE | TAT | TET | HTAT

7600051070




રામમંદિર પ્રાણપ્રતિષ્ઠા આનંદ મહોત્સવ નિમિત્તે

# હાર નહિ માનુંગા

## કોઈ પણ પરીક્ષા માટે થઈ જાઓ તૈયાર



ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

CRACK GPSC

## FEE ની ચિંતા છોડો, FREE તૈયારી કરો.


- **Video Courses** પર ક્લિક કરી **કોર્સ** પર ક્લિક કરો.
- **Redeem Code** પર ક્લિક કરી **CrackGPSC** કોડ દાખલ કરો.
- **APPLY** પર ક્લિક કરો. આપના કોર્સ તરત જ ON થઈ જશે.

(કોડ એક જ વખત નાખવો, વધુ વખત નાખવાથી કોર્સ કાયમ માટે બંધ થઈ શકે છે.)

**અભ્યાસ/જોબ સાથે, ઘરે બેઠાં, ઓછા સમયમાં કોઈ પણ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરો.**

GPSC, PSI, CCE થી લઈ કોન્સ્ટેબલ - દરેક પરીક્ષામાં ઉપયોગી

E-Book




- 22 પ્રકરણો, 565 pages
- 4500+ પ્રેક્ટિસ પ્રશ્નો
- દરેક પ્રશ્નનું સોલ્યુશન
- ઓફલાઈન મોબાઈલ ડાઉનલોડ સુવિધા જેથી ઈન્ટરનેટ વિના પણ જોઈ શકાય.
- 2 વર્ષની વેલિડિટી

Only @ 22/-

76000 51070

ડેમો કોપી ઉપલબ્ધ

ડાઉનલોડ કરો M K SIR મોબાઈલ એપ અને વિઝિટ કરો E BOOK વિભાગ

# કોઈપણ પરીક્ષા માટે થઈ જાઓ તૈયાર

જેટલી વહેલી મહેનત શરૂ કરશો, એટલી વહેલી સફળતા મળશે.

UP TO 40% OFF

## અમારાં મહત્વનાં પુસ્તકો - આજે જ વસાવો

**IAS, IPS, DySP, Dy. Collector કે Class 1/2/3 અધિકારી બનવાનું કે સરકારી નોકરી મેળવવાનું આપનું સ્વપ્ન કરો સાકાર**




MRP. ~~496/-~~ Only @ 299/-




MRP. ~~380/-~~ Only @ 230/-




MRP. ~~380/-~~ Only @ 230/-




Coming...




Coming...

**કોઈ પણ 3 BOOKS એક સાથે લેવા પર સ્પેશ્યલ Rs. 50/- Extra ડિસ્કાઉન્ટ**




MRP. ~~270/-~~ Only @ 162/-




MRP. ~~230/-~~ Only @ 170/-




MRP. ~~385/-~~ Only @ 235/-




MRP. ~~280/-~~ Only @ 168/-




MRP. ~~180/-~~ Only @ 126/-

ORDER

Visit website crackgpsc.com/books OR અથવા Crack GPSC એપમાં BOOKS વિભાગ પરથી OR અથવા અહીં આપેલ QR કોડ દ્વારા પેમેન્ટ કરો.

કુરિયર સર્વિસ FREE (4 થી 5 દિવસમાં ડિલીવરી)

QR કોડથી પેમેન્ટ કરીને સ્ક્રીનશોટ 76000 51070 પર Whatsapp કરો.


**Crack GPSC ની બુક્સ જોરદાર જ હોય**

સરકારી નોકરીની તૈયારી માટે

76000 51070

ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

CRACK GPSC



ફરી એકવાર Dy. SO પરીક્ષામાં
સાબિત કરી દીધું કે...
LATEST
આ બુક તો વાંચવી જ પડે...
ફાસ્ટ ટ્રેક
બંધારણ
માત્ર 225 પેજની
આ બુક સ્પર્ધાત્મક
પરીક્ષાઓ માટે છે
પરમાણુ બોમ્બ
We are famous for the most IMP, authentic, to the point, up to date material
એક બુક બધી પરીક્ષાઓ
Crack GPSC easily with...
Crack GPSC
Crack GPSC ની બુક્સ જોરદાર જ હોય
40% ડિસ્કાઉન્ટ
ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ
CRACK GPSC
7600051070




ઘરે ઘરે વસાવવા લાયક
552 પાનાં ધરાવતું
દળદાર પુસ્તક
શાળા, કોલેજ કે સરકારી પરીક્ષાની તૈયારી કરતા
વિદ્યાર્થીઓ માટે
હું છું
ગુજરાત
ગુજરાત માટે આવી બુક
જોઈ નહિ હોય
આ બુક તો વાંચવી જ પડે...
હું છું 'ગુજરાત'
એક બુક, બધી પરીક્ષાઓ
Crack GPSC easily with...
Crack GPSC
40% ડિસ્કાઉન્ટ
,તમામ સંદર્ભ પુસ્તકો, સરકારી પુસ્તકો
સરકારી વેબસાઈટ્સ, પાઠ્યપુસ્તકોનો
ક્રમબદ્ધ, વ્યવસ્થિત અને
ઓથેન્ટિક રીતે ઉલ્લેખ
40થી વધુ નકશાઓ
દ્વારા રજૂઆત
MRP. 496/-
Only 299/-
Crack GPSC
વધુ વિગત માટે Whatsapp કરો 7600051070

## * 16 જૂન - ૨૦૨૪ *

### [*] સેબીને 'બેસ્ટ કેસ્ટડ ઓફ બિઝનેસ રેગ્યુલેટર'નો પુરસ્કાર.

(I) એશિયાઈ બેંકરે ભારતની સુરક્ષા બજારોને નિયંત્રિત કરનાર બાબતોને મજબૂત બનાવવામાં આપેલા યોગદાન બદલ આ પુરસ્કાર આપવામાં આવ્યો. આ પુરસ્કાર હોંગકોંગમાં આયોજિત એક સમારોહમાં સેબીના સદસ્ય કમલેશ ચંદ્ર વાર્ષ્ણેયને આપવામાં આવ્યો.

(II) સેબીએ તાત્કાલીક નાણાકીય પતાવટ ક્ષેત્રે કરેલા કામના કારણે રોકાણકારોને તેમના નાણા સુધી સમયસર પહોંચવાનો લાભ મળ્યો જેનાથી બજારની કાર્યક્ષમતામાં વધારો થયો.

• SEBI- Security and Exchange Board of India •

→ ભારત સરકારની નાણા મંત્રાલયના વહીવટી ક્ષેત્ર હેઠળની નિયમનકારી સંસ્થા. જેની સ્થાપના 12 એપ્રિલ 1988ના થઈ.

→ આ સંસ્થા સિક્યોરિટિઝમાં રોકાણકારોના હિતોનું રક્ષણ કરવાનું તથા સિક્યોરિટીઝ માર્કેટના વિકાસને પ્રોત્સાહન આપવાનું કામ કરે છે. તથા શેર માર્કેટમાં બ્રોકર્સની નોંધણીનું કામ કરે છે.

Current Affairs By C.I.Shingala

### [*] રામોજી ફિલ્મ સિટીના સ્થાપક અને મીડિયા દિગ્ગજ રામોજી રાવનું ૮૭ વર્ષની વયે નિધન.

(I) તેમણે મિડિયા ક્ષેત્રમાં દૈનિક ઈનાડુ અખબાર, ઈટીવી ચેનલ નેટવર્ક તથા ફિલ્મ નિર્માણ ક્ષેત્રે યોગદાન આપ્યું હતું.

(II) ૨૦૧૬ - પદ્મવિભૂષણથી સન્માનિત



**(*) કમાન્ડ એન્ડ કન્ટ્રોલ કમ્પેટિબિલિટી બોર્ડની ભારત અને અમેરિકા વચ્ચેની બેઠક.**

(I) નવી દિલ્હીના માણેકશા સેન્ટર ખાતે આયોજિત આ બેઠકમાં અમેરિકી પ્રતિનિધિ શ્રી પોલ નિકોલસ અને ભારતીય પ્રતિનિધિ બ્રિગેડિયર રાહુલ આનંદના નેતૃત્વમાં મળી.

(II) દર બે વર્ષે આયોજિત આ બેઠકમાં ભારત અને અમેરિકા વચ્ચે સંચાર અનુકૂળતા અને સુરક્ષા સમજૂતીની અનુચ્છેદ-XI હેઠળ ચર્ચા કરવામાં આવે છે. જેમાં બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય રક્ષા સંબંધિત બાબતોમાં પ્રગતિ માટે ચર્ચાઓ કરવામાં આવે છે. વર્ષ 2024માં મળેલી બેઠક સાતમી બેઠક હતી.

**• COMCASA - કોમ્યુનિકેશન્સ કમ્પેટિબિલિટી એન્ડ સિક્યોરિટી એગ્રિમેન્ટ**

▷ આ એગ્રિમેન્ટ US દ્વારા તેના સાથી અને નજીકના ભાગીદારો સાથે લશ્કરી દળો વચ્ચે આંતર કાર્યક્ષમતા અને ઉચ્ચતમ તકનીકના વેચાણની સુવિધા માટે કરવામાં આવ્યો હતો.

▷ 6 સપ્ટે, 2018 એ નવી દિલ્હી ખાતે વિદેશ પ્રધાન સુષમા સ્વરાજ અને સંરક્ષણ પ્રધાન નિર્મલા સિતારમણ તથા તેમના સમકક્ષ માઈક પોમ્પિયો અને જિમ મેટિસે આ કરાર કર્યા હતા.



▷ એગ્રિમેન્ટના અગત્યના પાસાઓ.

◉ ભારતની US-મૂળની સંરક્ષણ સિસ્ટમને વધુ કાર્યક્ષમ અને ઉપયોગમાં સરળ બનાવવી.

◉ રાષ્ટ્રીય સુરક્ષાના સંદર્ભમાં સંવેદનશીલ માહિતી ગોપનીય રાખવા.

◉ પરવાનગી વિના સંવેદનશીલ ડેટા અન્ય સ્રોતમાં ટ્રાન્સફર કરવા પર પ્રતિબંધ.

GPSC Current Affairs By C.H. Shingala

## ⊛ વર્લ્ડ એન્ટરપ્રિન્યોર ઓફ ધ વર્લ્ડ - 2024

[I] વેલ્લયન સુબ્બૈયાને આ પુરસ્કાર અપાયો જેઓ 24 વર્ષના ઈતિહાસમાં ભારતના ચોથા વિજેતા છે.

[II] આ પુરસ્કાર થી ભારત EY ક્ષેત્રમાં ચાર વાર વૈશ્વિક ઉદ્યમિતા પુરસ્કાર જીતનાર એકમાત્ર દેશ બન્યો. આ પુરસ્કાર જીતનાર અન્ય ભારતીયોમાં નારાયણમૂર્તિ, ઉદય કોટક અને કિરણ મજુમદાર છે.

[III] શ્રી વેલ્લયન ટ્યુબ ઈન્વેસ્ટમેન્ટ્સ ઓફ ઈન્ડિયા (TII) ના કાર્યકારી અધ્યક્ષ તથા ચોલામંડલમ (ચોલા) ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ફાયનાન્સ કંપની લિ. ના અધ્યક્ષ છે. તેઓ 47 દેશોના 5000 પ્રતિનિધિઓમાંથી પસંદગી પામ્યા છે.

[IV] EY આંતરપ્રિન્યોર ઓફ ધ યર એવોર્ડ પ્રોગ્રામ વૈશ્વિક બિઝનેસ એવોર્ડ તરીકે દેશના ઉદ્યોગસાહસિકોને પ્રકાશિત કરે છે. જેની શરૂઆત 1999માં મુંબઈ ખાતે કરવામાં આવી હતી




## ⊛ વિશ્વ બાલશ્રમ નિષેધ દિવસ - 12 જૂન

[I] બાલશ્રમના તમામ સ્વરૂપોને સમાપ્ત કરવા તથા આ બાબતે જાગૃતતા વધારવા આ દિવસ મનાવાય છે.

[II] સંયુક્ત રાષ્ટ્રના મતે દુનિયાભરમાં 16 કરોડ બાળકો બાળમજૂરીનો શિકાર બનેલા છે. તથા બાળ શ્રમમાં બાળકોની ટકાવારી અને સંખ્યા બંને બાબતમાં આફ્રિકા સૌથી ઉપર છે. જ્યારે એશિયા બીજા સ્થાને છે.




[III] વર્ષ 2024ની થીમ :-
'આવો આપણી પ્રતિબદ્ધતાઓ પર કામ કરીએ, બાળશ્રમને સમાપ્ત કરીએ.'

## [*] વિશ્વ રક્તદાતા દિવસ - 14 જૂન

[I] રુધિર, રુધિરદાનની આવશ્યકતા અને રુધિર સ્થાનાંતરણની સુરક્ષા બાબતે જાગૃતતા લાવવા માટે વર્ષ <u>2004</u>માં વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (WHO)એ આ દિવસની સ્થાપના કરી.

[II] વર્ષ 2024માં વિશ્વભરના રક્તદાતાઓએ અન્યના જીવન બચાવવા માટે આપેલા રક્તદાનના <u>20 વર્ષની વર્ષગાંઠ</u> ઉજવવામાં આવી.







[III] આ દિવસ <u>કાર્લ લેન્ડસ્ટેનરનો</u> જન્મદિવસ છે જેમણે રુધિરજૂથોની શોધ કરી અને તેમનું વર્ગીકરણ કર્યું હતું.

[IV] વર્ષ 1919માં ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ રેડ ક્રોસ અને રેડ ક્રિસેંટ સોસાયટીની સ્થાપના કરવામાં આવી, જેનું લક્ષ્ય લોકો દ્વારા સુરક્ષિત રીતે રક્તદાનની આવશ્યકતા માટે જાગૃતતા લાવવાનો છે.

[V] રુધિર એ સંયોજક પેશી છે અને તે શરીરની કોષિકાઓ સુધી ઓક્સિજન અને પોષક તત્વો જેવા આવશ્યક પદાર્થ પહોંચાડે છે. એક સામાન્ય વ્યક્તિના શરીરમાં લગભગ 5 લીટર સુધીનું રક્ત હોય છે.

[VI] વર્ષ 2024ની થીમ = 'દાનનો ઉત્સવ મનાવવાના 20 વર્ષ: રક્તદાતાઓને ધન્યવાદ'




**• યાદ રાખો •**

▷ રુધિરાભિસરણતંત્રની શોધ - <u>વિલિયમ હાર્વે</u>

▷ વિશ્વ હૃદય દિવસ - <u>29 સપ્ટેમ્બર</u>

▷ રુધિરને શરીરની અંદર ગંઠાતું અટકાવે - <u>હિપેરિન / સ્ટ્રેપ્ટોકાઈનીઝ</u>

Current Affairs By C.H.Shingala GPSC

## * 17 જૂન-2024 *

**[*] રાજસ્થાન સરકાર મહારાણા પ્રતાપ પર્યટન સર્કિટ વિકસિત કરશે.**

[I] રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્માએ રૂ. 100 કરોડના ખર્ચે આ સર્કિટ વિકસિત કરવાની જાહેરાત કરી. મહારાણા પ્રતાપ માત્ર રાજસ્થાન અને ભારત માટે પરંતુ સમગ્ર વિશ્વ માટે પ્રેરણા સ્ત્રોત છે.



(૨)

### • મહારાણા પ્રતાપ પર્યટન સર્કિટના સ્થળો •

Current Affairs By C.H.Shingala

(1) મહારાણા પ્રતાપ સ્મારક :-
- ઉદયપુરના ફતેહ સાગર તળાવ નજીક.

(2) કુંભલગઢ કિલ્લો :-
- ઉદયપુર નજીક મહારાણા પ્રતાપનું જન્મસ્થળ

(3) હલ્દીઘાટી :-
- મહારાણા પ્રતાપ અને મુગલ સામ્રાજ્ય વચ્ચેના યુદ્ધનું પ્રતીક (મુગલ સરદાર રાજા માનસિંહ).

(4) પ્રતાપ ગૌરવ કેન્દ્ર :-
- ઉદયપુર શહેરના ટાઈગર હિલ સ્થિત મહારાણા પ્રતાપની વિસ્તૃત જાણકારી આપતું સ્થળ.



(૧)



(૩)



(૪)

## * ઓમેગા-3 થેરેપી – મસ્તિષ્ક ક્ષતિ ઘટાડવામાં ઉપયોગી

I. એક અધ્યયન મુજબ માછલીના તેલમાં જોવા મળતા બે ઓમેગા-3 ફેટી એસિડ પુરાણી મિશ્રણ મસ્તિષ્ક ક્ષતિ ઘટાડવામાં ઉપયોગી બને છે. આ શોધ કોલંબિયા વિશ્વ વિદ્યાલય વૈગેલોસ કોલેજ ઓફ ફિઝિશિયન એન્ડ સર્જનમાં કરવામાં આવી.

II. આ ઉપચાર હાલ 15% રોગીઓ માટે લાભકારી છે પરંતુ તેનાથી હૃદય અને શ્વસન સંબંધી મુશ્કેલીઓ થઈ શકે છે.

III. મસ્તિષ્ક ક્ષતિ એક પ્રસવ દરમિયાનની જટિલતા છે જે અમેરિકામાં દર 1000 જીવિત નવજાત શિશુએ એકથી ત્રણને પ્રભાવિત કરે છે. ઓમેગા-3 ઈમલ્શન મસ્તિષ્ક કોશિકાઓ-ને મરતા અટકાવે છે અને ન્યૂરોલોજિકલ ડેફિશનને સંરક્ષિત કરે છે.

IV. આ અધ્યયન નવજાત ઉંદરમાં કરવામાં આવ્યું છે. જેને બે વર્ષના સમયગાળામાં બાળકોમાં નૈદાનિક પરીક્ષણ માટે અમલમાં મૂકવામાં આવશે.

## * મલાવીના ઉપરાષ્ટ્રપતિ સૌલોસ ચિલિમા અને અન્ય 9 વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામ્યા.

I. ખરાબ હવામાન અને પ્રતિકૂળ આબોહવાની સ્થિતિને કારણે મ્ઝુઝૂ હવાઈમથકથી વિમાનને લિલોંગ્વે પરત કરવાનો સંદેશ અપાયો હતો પરંતુ વિમાન સાથે સંપર્ક તૂટ્યા બાદ આ ઘટના બની.

II. મલાવીના રાષ્ટ્રપતિ લાજરસ ચકવેરા અનુસાર વિમાનમાં સવાર ઉપરાષ્ટ્રપતિ, પૂર્વ પ્રથમ મહિલા શાનિલ ડિઝિમ્બિરી સહિત તમામનું મોત થયું છે.

**• મલાવી •**

→ દ. પૂર્વ આફ્રિકાનો દેશ
→ રાજધાની - લિલોંગ્વે
→ સરહદ ① પશ્ચિમ – ઝામ્બિયા
② ઉત્તર અને ઉત્તર પૂર્વ - તાંઝાનિયા,
③ પૂર્વ, દક્ષિણ અને પૂર્વ-દક્ષિણ - મોઝામ્બિક.

Current Affairs By C.H.Shingala

## [*] ગાંધી સાગર વન્યજીવ અભયારણ્ય ચીતાનું નવું રહેઠાણ બનશે.


(I) **મધ્યપ્રદેશ** સરકારે ગાંધી સાગર વન્યજીવ અભયારણ્ય માટે તમામ તૈયારીઓ પૂર્ણ કરી. દક્ષિણ આફ્રિકા અને કેન્યાની ટીમે આગાઉ અહિં ચીતાના રહેઠાણ માટેની સ્થિતિનું અવલોકન કર્યું હતું

(II) કાનહા, સાતપુડા અને સંજય વાઘ અભયારણ્યોમાંથી શિકાર માટે પ્રાણીઓને ગાંધી સાગર વન્યજીવ અભયારણ્યમાં સ્થળાંતરિત કરાશે.

(III) આગાઉ 2022માં મધ્યપ્રદેશના શ્યોપુર જિલ્લાના કુનો રાષ્ટ્રીય ઉદ્યાન ખાતે 8 નામીબિયાઈ તથા 2023માં 12 દક્ષિણી આફ્રિકી ચિતાઓ લાવવામાં આવ્યા હતા.

• મધ્યપ્રદેશ •

(A) મુખ્યમંત્રી - મોહન યાદવ
(B) રાજધાની - ભોપાલ
(C) સ્થાપના - 1 નવેમ્બર, 1956
(D) વિધાનસભા - 230 સીટ
લોકસભા - 29 સીટ
રાજ્યસભા - 11 સીટ



Madhya Pradesh: Gandhi Sagar wildlife sanctuary to be new home for South African cheetahs

## [*] UNએ 2025ને 'ક્વાંટમ વિજ્ઞાન અને તકનીકનું આંતરરાષ્ટ્રીય વર્ષ' જાહેર કર્યું.

(I) ક્વોન્ટમ વિજ્ઞાન અને સંશોધનના મહત્વને સાર્વજનિક જાગૃત કરવાના ઉદ્દેશ્યથી સમગ્ર વર્ષ અને સંપૂર્ણ વિશ્વમાં આ વર્ષ ઉજવાશે.

→ પ્રસ્તાવ મૂક્યો હતો.

(II) 2024માં **ઘાનાએ** 70થી વધુ દેશોના સમર્થનથી સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં એક પ્રસ્તાવ મુક્યો અને તેમાં આ વર્ષની ઘોષણાની માંગ કરી હતી.

(III) વર્ષ 2025માં ભૌતિક વિજ્ઞાની વર્નર હાઈઝેનબર્ગે ક્વોન્ટમ ક્ષેત્રમાં પ્રકાશિત પેપરની શતાબ્દીને મહત્વ આપવાનો ઉદ્દેશ્ય આ ઉજવણીનો છે.

• ક્વોન્ટમ વિજ્ઞાન • કુદરતની સૌથી નાની વસ્તુઓનો અભ્યાસ.

## [*] સમુદ્રી અભ્યાસ જિમેક્સ 2024 · 'જાપાન-ભારત'

[I] જાપાનના યોકોસુકા ખાતે આયોજિત આ અભ્યાસમાં ભારતીય નૌસેનાના સ્વદેશી સ્ટીલ્થ ફ્રિગેટ INS શિવાલિકે ભાગ લીધો. વર્ષ 2012માં શરૂ થયેલ આ અભ્યાસનું વર્ષ 2024માં આઠમી આવૃત્તિ છે. જાપાનનું પ્રતિનિધિત્વ ગાઈડેડ મિસાઈલ ડિસ્ટ્રોયર, જેએસ યુગિરીએ કર્યું.

[II] આ અભ્યાસ બંદર અને સમુદ્ર એમ બંને ચરણમાં આયોજિત થશે. જેમાં બંને દેશોની નૌસેના સમુદ્રમાં તેમના યુદ્ધ કૌશલ્યને પ્રદર્શિત કરશે અને સપાટી, ઉપ-સપાટી અને વાયુક્ષેત્રમાં આંતર સંચાલન ક્ષમતા સુધારવા અંગે પ્રયાસો કરશે.



## • One Liner News

(A) ઈઝરાયલ અને હમાસને UN એ બાળકો વિરુદ્ધ અપરાધ કરનાર અપરાધીઓની વૈશ્વિક સૂચીમાં સામેલ કર્યાં.

(B) નવનિર્મિત NDA સરકારે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ 3 કરોડ ગ્રામીણ અને ~~શહેરી~~ શહેરી ઘરોના નિર્માણની શરૂઆત કરી.

(C) ભારતે રશિયાની અધ્યક્ષતા (2024) વાળી બ્રિક્સ વિદેશ મંત્રીઓની બેઠકમાં ભાગ લીધો. (BRICS ના સભ્યો- બ્રાઝીલ, રશિયા, ભારત, ચીન, દ.આફ્રિકા, મિસ્ર, ઈરાન, UAE, સાઉદી અરબ, ઈથોપિયા)

(D) ભારતીય નૌસેનાએ સબ લેફ્ટનન્ટ અનામિકા બી રાજીવને ભારતીય નૌસેનાના પ્રથમ મહિલા હેલિકોપ્ટર પાયલટ બનાવ્યા.

(E) પ્રેમસિંગ તમાંગ બીજા કાર્યકાળ માટે સિક્કિમના મુખ્યમંત્રી બન્યા.

(F) હરિયાણા સરકાર વિશેષ NRI સેલની સ્થાપના કરી.

Current Affairs BY C.H. Shinde

# * ૧૯ જૂન - ૨૦૨૪ *

**[*] સુહેલવા વન્યજીવ અભયારણ્ય ઉત્તર પ્રદેશનું પાંચમું ટાઈગર રિઝર્વ બનશે.**

[I] વાઘની વસ્તીની માહિતી સંખ્યા બાદ આ જાહેરાત કરવામાં આવી છે. આ અભયારણ્ય બલરામપુર, શ્રાવસ્તી અને ગોંડા જિલ્લામાં ફેલાયેલ છે.

(II) ઉત્તરપ્રદેશમાં આવેલા અન્ય ટાઈગર રિઝર્વ
→ અમાનગઢ ટાઈગર રિઝર્વ
→ દુધવા ટાઈગર રિઝર્વ
→ પીલીભીત ટાઈગર રિઝર્વ (૨૦૨૪માં 10 વર્ષ પૂર્ણ થયા)
→ રાનીપુર વન્યજીવ અભયારણ્ય.




[III] સુહેલવા અભયારણ્ય 452 વર્ગ કિમીમાં ફેલાયેલ છે અને [૧૯૮૮માં] તેને વન્યજીવ અભયારણ્યનો દરજ્જો મળ્યો હતો.

**[*] જનરેટરની દેખરેખ અને નિયંત્રણ માટે ભારતીય સેનાએ 'વિદ્યુત રક્ષક'નું અનાવરણ કર્યું.**

[I] 'વિદ્યુત રક્ષક' આર્મી ડિઝાઈન બ્યુરો દ્વારા વિકસિત કરવામાં આવ્યું છે અને તેને થલ સેના અધ્યક્ષ લે. જ. ઉપેન્દ્ર દ્વિવેદીએ લોન્ચ કર્યું છે.

[II] 'વિદ્યુત રક્ષક' IOT (ઈન્ટરનેટ ઓફ થિંગ્સ) સક્ષમ સિસ્ટમ છે. જનાથી ઉચ્ચ તકનીકીઓ અપનાવવામાં ભારતીય સેનાને મદદ મળશે.

[III] આ સિસ્ટમ ખામીઓ શોધવામાં તથા મેન્યુઅલ સંચાલનમાંથી સ્વચાલિત સિસ્ટમમાં પરિવર્તિત થવામાં ઉપયોગી બનશે.

**ISRO ના આદિત્ય-એલ 1 એ અંતરિક્ષયાનમાંથી સૌર તૂફાનોની માહિતી આપી.**

I. આદિત્ય L-1 અંતરિક્ષ યાનના ઓનબોર્ડ રિમોટ સેન્સિંગ ઉપકરણથી આ માહિતી મેળવવામાં આવી. જેના માટે સોલાર અલ્ટ્રા વાયોલેટ ઈમેજિંગ ટેલિસ્કોપ (SUIT) અને વિઝિબલ લાઈન કોરોનાગ્રાફ (VELC) નો ઉપયોગ કરાયો.

II. સૌર તોફાનોમાં 11 મેના રોજ ભૂ-ચુંબકીય સૌર તોફાન સૌથી વધુ ભયાનક હતું, જે ચુંબકીય ક્ષેત્રના બદલાવના કારણે ઉત્પન્ન થયું હતું.

III. ભારતનું પ્રથમ સૌર મિશન, આદિત્ય-L1 6 જાન્યુ., 2024 ના લાગ્રાન્જ બિંદુ પર પહોંચ્યું હતું.

**18 મી લોકસભાનું પ્રથમ સત્ર 24 જૂનથી શરૂ થશે.**

I. 18મી લોકસભાનું પ્રથમ સત્ર નવનિર્વાચિત સભ્યોના શપથ અને પદ ગ્રહણ માટે 24 જૂનથી 7 જુલાઈ આયોજિત થશે.

II. પ્રથમ ત્રણ દિવસમાં ચૂંટાયેલા સભ્યો શપથ લેશે, તેમના પદની સ્વીકાર્યતા મેળવશે અને સદનના સ્પીકર પસંદ કરશે.

III. 27 જૂને લોકસભા અને રાજ્યસભા (264 મું સત્ર) ને રાષ્ટ્રપતિ મુર્મુ સંયુક્ત રીતે સંબોધિત કરશે.

**અનુચ્છેદ - 87**

→ બંધારણ અનુસાર અનુચ્છેદ - 87 મુજબ રાષ્ટ્રપતિ દરેક સામાન્ય ચૂંટણી બાદના પ્રથમ સત્રના પ્રારંભે, વર્ષના પ્રથમ સત્રના પ્રારંભે- રાજ્યસભા અને લોકસભાને સંબોધન કરવાની અનુમતિ આપે છે.



Current Affairs By C.H.Shingala

## [*] 'મુખ્યમંત્રી નિજુત મોઈના' યોજના આસામ સરકાર

[I] બાળ વિવાહને રોકવા અને બાળિકાઓને સશક્ત બનાવવા આ યોજના અમલમાં મુકવામાં આવી છે.

[II] યોજના અંતર્ગત ઉચ્ચતર માધ્યમિક પ્રથમવર્ષની છાત્રાઓને પ્રત્યેક માસની 11 તારીખે રૂ.1000, ત્રણ કે ચાર વર્ષના ડીગ્રી અભ્યાસક્રમમાં રૂ. 1200 પ્રતિમાસ, માસ્ટર ડિગ્રી અને P.HD. અભ્યાસક્રમમાં રૂ. ૨500 પ્રતિમાસ આપાશે.

[III] આ યોજના ડિગ્રી સ્તર સુધીમાં માત્ર અવિવાહિત છાત્રાઓને જ લાભ આપશે.

## [*] ભારત દુનિયામાં નાઈટ્રસ ઓક્સાઈડ ($N_2O$) નો બીજો સૌથી મોટો ઉત્સર્જક બન્યો.

[I] $N_2O$ એ ગ્રીન હાઉસ વાયુ છે અને તે વાતાવરણને $CO_2$ ની સાપેક્ષે વધુ ગરમ કરે છે.

[II] ૨૦૨૦માં વૈશ્વિક માનવ નિર્મિત ઉત્સર્જનમાં ભારતનો હિસ્સો 11% હતો જ્યારે ચીનનો 16% હતા. અર્થ સિસ્ટમ સાયન્સ ડેટા જર્નલમાં પ્રકાશિત $N_2O$ ઉત્સર્જનના વૈશ્વિક મૂલ્યાંકનમાં આ માહિતી આપવામાં આવી હતી.

[III] ૨૦૨૦ થી 2022 વચ્ચેના સમયમાં વાયુમંડળમાં $N_2O$ ના ઉત્સર્જનનો દર 25% વધ્યો અને $N_2O$ ના ઉત્સર્જનમાં પાંચ દેશો ટોચ પર રહ્યા.

(1) ચીન (16.7%)
(2) ભારત (10.9%)
(3) USA (5.7%)
(4) બ્રાઝીલ (5.3%)
(5) રશિયા (4.6%)




Current Affairs By C.H Shingala GPSC

# One Liner News

(A) ચંદ્રબાબુ નાયડૂએ આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી પદના શપથ લીધા.(TDP)

(B) જનરલ મનોજ પાંડે ની સેવાનિવૃત્તિ બાદ લે. જ. ઉપેન્દ્ર દ્વિવેદી સેનાના નવા અધ્યક્ષ બનશે.

(C) ભારતીય પ્રતિસ્પર્ધા આયોગ (CCI) ના સચિવ તરીકે ઈંદર પાલ સિંહ બિન્દ્રાની નિયુક્તિ કરવામાં આવી.

(D) અરૂણાચલ પ્રદેશના મુખ્યમંત્રી તરીકે પેમા ખાંડુ અને નાયબ મુખ્યમંત્રી તરીકે ચોંના મીને શપથ ગ્રહણ કર્યા.

(E) મુંબઈ ક્રિકેટ એસોસિએશનના અધ્યક્ષ અમોલ કાલેનું ન્યૂયોર્ક ખાતે નિધન.

(F) તમિલનાડુના એક મંદિરમાંથી 1967માં ચોરાયેલ સંત તિરુમનકે અલવરની 60 cm ઊંચી મૂર્તિ ઓક્સફર્ડ યુનિ. (500 વર્ષ જૂની મૂર્તિ) ભારતને પરત કરશે.

(G) ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (ફિક્કી) ના અધ્યક્ષ તરીકે જ્યોતિ વિજની નિયુક્તિ.

→ 1927માં જી.ડી. બિરલા અને પુરુષોત્તમદાસ ઠાકુરદાસની સલાહ પર ભારતમાં ઘરેલૂ અને આંતરરાષ્ટ્રીય સ્તરે વ્યવસાયોના હિતોની રક્ષા કરવા માટે સ્થાપના.

(H) ઓડિશાના CM - મોહન ચરણ માઝી અને Dy. CM - કનક વર્ધન સિંહ દેવ અને પ્રવતી પરિદા ની નિયુક્તિ.

(I) ઉત્તરાખંડ સરકારે ચમોલી જિલ્લાના જોશીમઠનું નવું નામ જ્યોતિર્મઠ અને નૈનિતાલ જિલ્લાના કોસીયાકુટોલીનું નવું નામ પરગણા શ્રી કૈંચી ધામ કર્યું.

- પરગણા શ્રી કૈંચી ધામ ↓ બાબા નીમ કરોલી મહારાજના આશ્રમ પરથી નામ
- જ્યોતિર્મઠ ↓ આદિ શંકરાચાર્ય સ્થાપિત (8મી સદી) બદ્રીનાથનું પ્રવેશદ્વાર.

Current Affairs By C.J. Shingala

# * 19 જૂન - 2024 *

**[*] તમિલનાડુ સરકારે 'મુખ્યમંત્રી મનુયિર કાથુ મનુયિર કાપ્પોમ' યોજના શરૂ કરી.**

[I] મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિને જમીન સ્વાસ્થ્યમાં સુધાર માટે આ યોજના શરૂ કરી.

[II] આ યોજના અંતર્ગત જૈવિક ખાતરના ઉપયોગથી માટીની ફળદ્રુપતા વધારવાનો ઉદ્દેશ્ય છે. જૈવિક ખાતરના ઉપયોગથી માટીનું સંરક્ષણ અને સૂક્ષ્મજીવોની સુરક્ષામાં વધારો થશે.

[III] આ ઉપરાંત મુખ્યમંત્રીએ ખેડૂતોને ઓછાભાવે ટ્રેક્ટર તથા કૃષિ ઉપકરણો ભાડા પર આપવા માટેની યોજના પણ બનાવી. જે માટે સરકારના કૃષિ વિભાગે 10 ટ્રેક્ટર, 10 રોટાવેટર અને હાર્વેસ્ટરની ખરીદીને મંજૂરી આપી.

[IV] ટ્રેક્ટર તથા હાર્વેસ્ટર ચલાવવા માટે પ્રશિક્ષણ તાલીમ કેન્દ્રોની પણ રાજ્ય સરકાર સ્થાપના કરશે.

**[*] લે.જ. વાકર-ઉઝ-ઝમાન બાંગ્લાદેશના નવા સેના પ્રમુખ**

[I] તેઓ ત્રણ વર્ષ માટે કાર્યભાર સંભાળશે. અને જનરલ એસએમ શફીઉદ્દીન અહમદનું સ્થાન લેશે.

[II] શ્રી વાકર સૈન્ય અભિયાન, સૈન્ય ઈન્ટેલિજન્સ, સંયુક્ત રાષ્ટ્ર શાંતિ સ્થાપના બાબત, બજેટ અને અન્ય સૈન્ય સંબંધિત બાબતોની દેખરેખ રાખશે.



## ✱ G-7 નેતાઓએ પ્રવાસન, AI અને આર્થિક સુરક્ષા સામે લડવા બાબતે ચર્ચાઓ કરી.

[I] ઈટલીમાં શિખર સંમેલનના અંતિમ દિવસે આ ચર્ચાઓ કરવામાં આવી. યુક્રેન માટે નાણાકીય સહાય, ગાઝા યુદ્ધ, જલવાયુ પરિવર્તન, ઈરાન, રાતા સમુદ્રની સ્થિતિ, લૈંગિક સમાનતા, ચીનની ઔદ્યોગિક નીતિ અને આર્થિક સુરક્ષા બાબતની પણ ચર્ચા કરવામાં આવી.

[II] નેતાઓએ પ્રવાસીઓ સાથે બનતી તસ્કરીની ઘટના અટકાવવાના પગલાંઓ બાબતે પણ ચર્ચા કરી.

### • G-7 •

→ પ્રધાનમંત્રી મોદીએ તેમના ત્રીજા કાર્યકાળની શરૂઆતમાં 50મી G-7 બેઠકમાં પ્રથમ આંતરરાષ્ટ્રીય યાત્રાથી કરી.

→ આ બેઠક ઈટલી ખાતે આયોજિત થઈ હતી જેમાં PM મોદી અને ઈટલીના PM જ્યોર્જિયા મેલોનીએ દ્વિપક્ષીય બેઠક કરી.

→ G-7 નું વર્તમાન અધ્યક્ષ ઈટલી સાત મુખ્ય અર્થવ્યવસ્થા સમૂહની બેઠકની મેજબાની કરે છે. જેમાં યુરોપીય સંઘ સાથે કેનેડા, ફ્રાંસ, જર્મની, જાપાન, UK, USA સામેલ છે.

→ ભારતે અત્યાર સુધીમાં 10 G-7 બેઠકમાં ભાગ લીધો જેમાં મોદીએ સતત પાંચમીવાર હાજરી આપી.

→ G7નું કાયમી વડુમથક અસ્તિત્વ ધરાવતું નથી.

Current Affairs By C.H.Shingala

## [*] સિરિલ રામાફોસા ફરીથી દ.આફ્રિકાના રાષ્ટ્રપતિ બન્યા.

[I] રામાફોસા તેમના આફ્રિકી રાષ્ટ્રીય કોંગ્રેસ (ANC) અને વિપક્ષી દળો વચ્ચેના ગઠબંધન સમજૂતી બાદ ફરીથી ચૂંટાઈ આવ્યા.

[II] નવી સરકારમાં ANC, કેન્દ્ર-દક્ષિણપંથી ડેમોક્રેટિક એલાયન્સ અને અન્ય નાના પક્ષો સામેલ છે. અને રામાફોસાએ તેમના પ્રતિસ્પર્ધી સુદૂર વામપંથી આર્થિક સ્વતંત્રતા સેનાનીના નેતા જૂલિયસ માલેમાને હાર આપી.

[III] 1994માં દ.આફ્રિકામાં પ્રથમ લોકતાંત્રિક ચૂંટણી બાદ આફ્રિકી રાષ્ટ્રીય કોંગ્રેસ પ્રમુખ રાજકીય પાર્ટી બની રહી છે.

## [*] ભારત-ફ્રાંસે 26 રાફેલ સમુદ્રી જેટ માટે સમજૂતી કરી

[I] રૂ. 50,000 કરોડના ખર્ચ સાથેની આ યોજનામાં ભારતીય નૌસેના માટે 26 રાફેલ સમુદ્રી લડાકુ વિમાન ખરીદવામાં આવશે. જેનાથી નૌસેનામાં વિમાનોની સંખ્યા 36 થી વધીને 62 થશે.

[II] આ તમામ રાફેલ જેટને ભારતીય નૌસેનાના જહાજ INS વિક્રમાદિત્ય અને INS વિક્રાંત પરથી સંચાલિત કરવામાં આવશે. અને તમામને આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ ખાતે તૈનાત કરાશે.



ફ્રી સરકારી નોકરી માટેની તૈયારી
Crack G GPSC
ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ
CRACK GPSC
FEE ની ચિંતા છોડો, FREE તૈયારી કરો. 76000 51070

# * 20 જૂન - 2024 *

**[*] વિશ્વ વિદ્યાલય અનુદાન આયોગે ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં ફી પરતની નવી નીતિ જાહેર કરી.**

[I] વર્ષ ૨૦૨૪માં 30 સપ્ટેમ્બર સુધીમાં તમામ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓએ એડમીશન રદ કે ફેરફાર માટે તમામ રિફંડ આપવી પડશે.

[II] આ નવી નીતિ કેન્દ્રીય અને રાજ્ય અધિનિયમ હેઠળની તમામ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ, UGC માન્યતા પ્રાપ્ત સંસ્થાઓ, ડિમ્ડ યુનિવર્સિટી તથા પ્રવેશ પ્રક્રિયા માટેના સંગઠનોને લાગૂ પડશે

[III] નવી નીતિ અનુસાર ફી રિફંડ કરતા સમયે પ્રોસેસિંગ ફી રૂ.1000થી વધુ કાપી શકાશે નહિ. અને નીતિનો ઉલ્લંઘન કરનાર સંસ્થાઓ વિરુદ્ધ દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

**[*] ભારત પોતાનું ઊંડા સમુદ્રનું મિશન શરૂ કરનાર 6ઠ્ઠો દેશ.**

[I] આ મિશનનો ઉદ્દેશ્ય માત્ર ખનીજ સંશોધનનો નહીં પરંતુ મહાસાગર વિજ્ઞાનની નવીનતમ માહિતી મેળવવાનો છે.

[II] આ મિશન વનસ્પતિ અને જીવોની શોધ, સમુદ્રી જૈવ વિવિધતાનું સંરક્ષણ જેવી બાબતોમાં ઉપયોગી બનશે.

[III] 'રાષ્ટ્રીય મહાસાગર પ્રૌદ્યોગિકી સંસ્થાને' મત્સ્યયાન 6000' વિકસિત કર્યું છે જે સમુદ્રમાં 6000 મીટરની ઊંડાઈ સુધી જઈ શકે છે.

[IV] આ મિશનનું પ્રથમ ચરણ સપ્ટેમ્બર ૨૦૨૪માં પૂર્ણ થશે અને ત્યાર બાદ 2026 સુધી તેનું પરીક્ષણ કરવામાં આવશે.

[V] આ મિશનથી ISROના ટાઈટેનિયમ શોધને વેગ મળશે

Current Affairs By C.H. Shingala GPSC

## ✱ 'મિશન નિશ્ચય' - પંજાબ પોલીસ

I પંજાબ પોલીસ, સીમા સુરક્ષા બલ, ગ્રામ રક્ષા સમિતિઓ સાથે મળીને ફાઝિલ્કા જિલ્લામાં ડ્રગ્સ વિરુદ્ધ એક સપ્તાહ માટેના અભિયાન સ્વરૂપ આ મિશન શરૂ કર્યું.

II આ અભિયાન દરમિયાન પોલીસ અધિકારીઓ 15થી21 જૂન ફાઝિલ્કા જિલ્લાના નિવાસીઓ સાથે વાતચીત કરશે અને ડ્રગ્સ વિરોધી બાબત માટે સામુદાયિક ભાગીદારી વધારવા પ્રેરિત કરશે.

III આ મિશન યુવાઓ અને મહિલાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે જેનાથી ડ્રગ્સની માંગ અને આપૂર્તિ બાબતે અંગત જાણકારી મેળવી શકાય.




IV ફાઝિલ્કા જિલ્લો પાકિસ્તાન સાથે 108 km ની સરહદ ધરાવે છે. પંજાબ પોલીસ આ મિશન અંતર્ગત ડ્રગ્સ બાબતે ફરિયાદ કરવા અને બાતમી આપવા હેલ્પલાઈન શરૂ કરશે.

## ✱ આંતરરાષ્ટ્રીય શાંતિ સંમેલન - સ્વિટ્ઝરલેન્ડ ખાતે.

I સ્વિટ્ઝરલેન્ડ ખાતે લેક લ્યુસર્ન પર બર્ગેનસ્ટોક રિસોર્ટમાં સંમેલનનું આયોજન કરવામાં આવ્યું. યૂક્રેનને ધ્યાને રાખતા આ સંમેલનનો જેનો ઉદ્દેશ્ય યૂક્રેનમાં શાંતિ સ્થાપવા માટેની પ્રક્રિયાનો આધાર તૈયાર કરવાનો છે.

II સંમેલનમાં 100 દેશોના પ્રધાનમંત્રી અને અન્ય આંતરરાષ્ટ્રીય સંગઠનોએ ભાગ લીધા અને તેમણે યૂક્રેનને અનાજ આદાન-પ્રદાન તથા બંદીઓના માનવીય વલણ મુદ્દે ચર્ચાઓ કરી, તથા તેમણે રશિયાના કબજામાં રહેલ ઝાપોરિજ્જિયા પરમાણુ ઊર્જા સંયંત્રની સુરક્ષાની ચર્ચા પણ કરી.

III ભારત એકમાત્ર દક્ષિણ એશિયાઈ દેશ છે જેણે આ શાંતિ સંમેલનમાં ભાગ લીધો.

## [*] બહુરાષ્ટ્રીય વાયુ અભ્યાસ - 'તરંગ શક્તિ'

[I] ઓગસ્ટ 2024માં, ભારત તેના પ્રથમ બહુરાષ્ટ્રીય વાયુ અભ્યાસ તરંગ શક્તિની મેજબાની કરશે.

[II] આ અભ્યાસમાં 10 દેશોની સેના ભાગ લેવાની સંભાવના છે અને અન્ય દેશો આ અભ્યાસ નિહાળવા માટે આવી શકે છે.

[III] આ અભ્યાસમાં ઓસ્ટ્રેલિયા, ફ્રાંસ, જર્મની, જાપાન, સ્પેન, સંયુક્ત આરબ અમીરાત, યુનાઈટેડ કિંગડમ અને સંયુક્ત રાજ્ય અમેરિકા ભાગ લેશે.

## [*] ભારતે - IORA ક્રૂઝ પર્યટન સમ્મેલનમાં ભાગ લીધો.

[I] Indian Ocean Rim Association ના આ સંમેલનમાં હિંદ મહાસાગર ના સભ્યો બાંગ્લાદેશ, કેન્યા, મડાગાસ્કર, માલદીવ, મોઝામ્બિક, શ્રીલંકા, દ. આફ્રિકા, સેશલ્સ, તાંઝાનિયા જેવા દેશો ભાગ લેશે.

[II] આ સંમેલનનો ઉદ્દેશ્ય IORA સભ્ય દેશોમાં ક્રૂઝ પર્યટન ક્ષેત્રને વિકસિત કરવા અને મજબૂત બનાવવાની દિશામાં સર્વોત્તમ બાબિગત પગલો તૈયાર કરવાનો છે.

## [*] સાહિત્ય અકાદમી - બાલસાહિત્ય અને યુવા સાહિત્ય પુરસ્કાર.

[I] અંગ્રેજી લેખિકા કે. વૈશાલી - 'હોમલેસ: ગ્રોઈંગ અપ લેસ્બિયન એન્ડ ડિસ્લેક્સિક ઈન ઈન્ડિયા' - (યુવા પુરસ્કાર)

[II] હિન્દી લેખક ગૌરવ પાંડે - 'સ્મૃતિઓ કે બીચ ઘીરી પૃથ્વી' - કાવ્યસંગ્રહ માટે (યુવા પુરસ્કાર)

[III] અંગ્રેજી લેખક - નંદિની સેનગુપ્તા - ઉપન્યાસ 'ધ બ્લૂ હોર્સ એન્ડ અધર અમેઝિંગ એનિમલ સ્ટોરીઝ ફ્રોમ ઈન્ડિયન હિસ્ટ્રી' (બાળ પુરસ્કાર).

Current Affairs By C.H. Shingala GPSC

## [*] કાવલી પુરસ્કાર - 2024

I) નોર્વેજિયન - અમેરિકી વ્યવસાયી અને પરોપકારી ફ્રેડ કાવલીના સન્માનમાં ભૌતિકી, તંત્રિકા અને નેનો વિજ્ઞાન ક્ષેત્રમાં યોગદાન માટે આ પુરસ્કાર અપાયો.

II) આ વર્ષે ખગોળ ભૌતિકીમાં હાર્વર્ડ વિશ્વવિદ્યાલયના ડેવિડ ચારબોન્યુ અને મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી ના સારા સીગરને અપાયો છે.

III) MIT ના રોબર્ટ લૈંગર, શિકાગો યુનિ. ના અર્મંડ પાલ અલીવિસાટોસ અને નોર્થવેસ્ટર્ન વિશ્વ વિદ્યાલયના ચાડ મિર્કિનને નેનો વિજ્ઞાનમાં પુરસ્કાર અપાયો.

IV) ન્યુરોસાયન્સમાં MIT ના નૅન્સી કનવિશર, રોકફેલર વિશ્વવિદ્યાલયના વિનરિક ફ્રીવાલ્ડ અને બર્કલેમાં કેલિફોર્નિયા વિશ્વવિદ્યાલયના ડોરિસ ત્સાઓને અપાયો.

V) કાવલી પુરસ્કાર પ્રથમવાર 2008માં સાત વૈજ્ઞાનિકોને અપાયો. અત્યાર સુધીમાં 19 દેશોના 73 વિજ્ઞાનિઓને આ પુરસ્કાર અપાયા છે. પુરસ્કારમાં 1 મિલિયન ડોલર રોકડા, એક સ્ક્રોલ અને 7cm વ્યાસનું મેડલ અપાય છે.

## [*] વિશ્વ સિકલ સેલ દિવસ - 2024 - 19 જૂન

I) સિકલ સેલ રોગ બાબતે જાગૃતતા લાવવા સંયુક્ત રાષ્ટ્રએ 2008ના એક પ્રસ્તાવથી આ દિવસની શરૂઆત કરી.

II) આ પ્રસ્તાવથી સિકલસેલને દુનિયાના સૌથી મહત્વપૂર્ણ આનુવંશિક બિમારીઓમાં સ્થાન અપાયું તથા રોગને સાર્વજનિક સ્વાસ્થ્ય સમસ્યા તરીકે માન્યતા અપાય.

III) સિકલ સેલ વંશાનુગત રૂધિર કોશિકાઓનો વિકારક રોગ છે જે RBC ને પ્રભાવિત કરે છે. તે રક્ત કોશિકાઓને કઠોર બનાવે છે.

• લક્ષણો •
- વારંવાર તાવ
- કળતર
- કમળો થવો
- શરીર ફિક્કું પડવું
- સગર્ભાને ગર્ભપાત થવો
- સાંધામાં સોજો, દુઃખાવો
- .



# * 21 જૂન-2024 *

## * સંસદ ભવનમાં નવનિર્મિત પ્રેરણા સ્થળનું ઉદ્ઘાટન

I) ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના સભાપતિ જગદીપ ધનખડે પ્રેરણા સ્થળનું ઉદ્ઘાટન કર્યું.

II) પ્રેરણા સ્થળમાં સ્વતંત્રતા સેનાનીઓ અને ભારતના ઈતિહાસના 15 મહાનાયકોની પ્રતિમાઓ સ્થાપિત કરવામાં આવી છે. જેનાથી લોકોને પ્રેરણા અને પ્રોત્સાહન મળશે.

III) પ્રેરણા સ્થળનો ઉદ્દેશ્ય ભારતીય ઈતિહાસની પ્રેરક હસ્તીઓની જીવનગાથા દર્શાવવા QR કોડના માધ્યમથી મુલાકાતીઓને વિસ્તૃત માહિતી પ્રદાન કરવાનો છે.



IV) પ્રેરણા સ્થળમાં મહાત્મા ગાંધી, ડૉ. આર. આંબેડકર ઉપપ્રધાનમંત્રી દેવી લાલ વગેરેની મૂર્તિઓ મુકાશે.

Current Affairs By C.H.Chingala

## * NCERT એ પાઠ્યપુસ્તકમાં બાબરી મસ્જિદનો મુદ્દો દૂર કર્યો.

I) NCERT એ ધો.12 ના રાજનીતિ વિજ્ઞાનના પાઠ્યપુસ્તકમાંથી બાબરી મસ્જિદ વિધ્વંસનો સંદર્ભ દૂર કર્યો. અને તેના સ્થાને રામજન્મભૂમિ આંદોલનને વધુ મહત્વ આપ્યું.

II) પાઠ્યપુસ્તકમાં 'રાજનૈતિક લામબંધી (ગતિશીલતા) ની પ્રકૃતિ માટે રામજન્મભૂમિ આંદોલન અને અયોધ્યા વિધ્વંસની વિરાસત શું છે?' ના સ્થાને નવું વાક્ય 'રામજન્મભૂમિ આંદોલનની વિરાસત શું છે?' એવો ફેરફાર કર્યો.

III) પાઠ્યપુસ્તકમાં સૌથી ઉલ્લેખનીય બદલાવ 'બાબરી મસ્જિદ' શબ્દ હટાવવાનો છે અને તેના સ્થાને 'ત્રણ ગુંબજ વાળી રચના' શબ્દનો થયેલો ઉપયોગ છે.

IV) NCERT એ હુમાયુ, અકબર, જહાંગીર, શાહજહાં અને ઔરંગઝેબ સહિતના મુગલ સમ્રાટોની ઉપલબ્ધિઓનું વિવરણ પણ દૂર કર્યું.

V) NCERT એ ધો-12ના રાજનીતિ વિજ્ઞાન વિષયમાં અનુચ્છેદ 370 ને હટાવવાની બાબત પણ ઉમેરો કર્યો છે.

## [*] પર્યાવરણ પ્રદર્શન સૂચકાંક - 2024

[I] ભારત ગ્રીન હાઉસ ગેસના ઉત્સર્જક, વાયુ ગુણવત્તા, જૈવ વિવિધતા અને આવાસની બાબતમાં 2024માં પર્યાવરણ પ્રદર્શન સૂચકાંકમાં સૌથી નીચલાં સ્તરના દેશોમાંનો એક છે.

[II] યેલ સેન્ટર ફોર એન્વાયરનમેન્ટલ લૉ એન્ડ પોલીસી અને કોલંબિયા સેન્ટર ફોર ઇન્ટરનેશનલ અર્થ સાયન્સ ઇન્ફોર્મેશન નેટવર્કના આ રિપોર્ટમાં ભારત 180 દેશોમાં 176માં સ્થાને છે. અને ત્યારબાદના અંતિમ ચારમાં પાકિસ્તાન, વિયેતનામ, લાઓસ અને મ્યાનમાર છે.

[III] આ ઇન્ડેક્સમાં જૈવ વિવિધતા, વાયુ પ્રદૂષણ, વાયુ અને પાણીની ગુણવત્તા, કચરાનો નિકાલ, ઉત્સર્જન વૃદ્ધિ દર, જેવા 58 મુદ્દાઓ ધ્યાને લેવાયા હતા.

[IV] 2024માં આ ઇન્ડેક્સમાં જૈવ વિવિધતા અને આવાસ શ્રેણી ઉમેરવામાં આવી જેમાં જાણવા મળ્યું કે અનેક દેશોમાં કૃષિ ઉત્પાદન સંરક્ષિત ભૂમિમાં ઇમારતોના અતિક્રમણને કારણે ઉત્પાદન યોગ્ય જમીનનો નાશ થયો.

[V] ભારત કોલસાનો પ્રમુખ ઉપયોગકર્તા અને તેના પર નિર્ભર હોવાના કારણે સતત ગ્રીનહાઉસ ઉત્સર્જનમાં અને વાયુ પ્રદૂષણમાં ઉચ્ચ સ્તરે યોગદાન આપે છે.

## [*] સાયબર સંચાલન માટે ભારતનું પ્રથમ 'જોઇન્ટ ડૉક્ટ્રિન'

[I] આધુનિક યુદ્ધમાં સાયબરસ્પેસ એક મહત્ત્વપૂર્ણ અને ચુનૌતીપૂર્ણ ક્ષેત્ર તરીકે ઉભરતું હોવાને કારણે CDS અનિલ ચૌહાણે જોઇન્ટ ડૉક્ટ્રિન (          ) શરૂ કર્યું.

[II] જોઇન્ટ ડૉક્ટ્રિન સશસ્ત્ર દળોની યોજના બનાવવામાં કમાંડરો, કર્મચારીઓ અને અભ્યાસકર્તાને એક વૈચારિક માર્ગદર્શન આપશે.

Current Affairs By C.H.Shingala

## [*] વિશ્વ શરણાર્થી દિવસ - 20 જૂન

[I] વિશ્વભરના શરણાર્થીઓને સન્માનિત કરવા માટે આ દિવસ મનાવાય છે. જે શરણાર્થીઓની દુર્દશાને સમજવા અને તેમનું જીવન નિર્માણ માટે આ દિવસ મનાવાય છે.

[II] આ દિવસ પ્રથમવાર 2001માં 1951ના શરણાર્થી સંમેલનની 50મી વર્ષગાંઠ મનાવવા માટે મનાવાયો હતો. મૂળરૂપે આ દિવસ આફ્રિકી શરણાર્થી દિવસથી મનાવાતો હતો. પરંતુ 2000માં UNએ તેને વિશ્વ શરણાર્થી દિવસ જાહેર કર્યો.

[III] UNHCR (United Nations High Commissioner for Refugees)ના આંકડાઓ મુજબ 2023ના મધ્યભાગ સુધીમાં દુનિયાભરમાં 110 મિલિયનથી વધુ વ્યક્તિઓ જબરજસ્તી વિસ્થાપિત થયા. જેમાં 40% સંખ્યા બાળકોની છે. આ તમામમાં 75% વ્યક્તિ નિમ્ન અને મધ્યમ આવક વાળા દેશોના છે.

[IV] વર્ષ 2024ની થીમ → 'શરણાર્થીઓ સાથે એકતા' (Solidarity with Refugees)

## [*] આંતરરાષ્ટ્રીય યોગ દિવસ - 21 જૂન

[I] યોગના વિવિધ લાભ અને યોગને જીવનનો હિસ્સો બનાવવા માટે પ્રેરણા આપવા આ દિવસ મનાવાય છે. વર્ષ 2014માં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ આ દિવસની શરૂઆત કરી હતી.

[II] ઉત્તર ગોળાર્ધમાં 21 જૂન સૌથી લાંબો દિવસ હોવાના કારણે આ દિવસ યોગ દિવસ તરીકે પસંદ કરાયો.

[III] યોગને 2016માં UNESCOની અમૂર્ત સાંસ્કૃતિક વિરાસતમાં સ્થાન આપવામાં આવ્યું છે.

- પ્રથમવાર 2015ની થીમ - 'સદ્ભાવ અને શાંતિ'
- વર્ષ 2024ની થીમ - સ્વયં અને સમાજ માટે યોગ
- વર્ષ 2024ની PM મોદીની ઉજવણી - જમ્મુ કાશ્મીર, શ્રીનગર - દાલ સરોવર
- વર્ષ 2024ની ગુજરાત CM - નડાબેટ, બનાસકાંઠા | ભૂપેન્દ્ર પટેલની ઉજવણી

Current Affairs By H.Shreeji

# * 22 જૂન-2024 *

## [*] નાલંદા વિશ્વવિદ્યાલયના નવા પરિસરનું PM એ ઉદ્ઘાટન કર્યું.

[I] નવા પરિસરમાં 1900ની કુલ બેઠક સાથે 40 રૂમ અને બે સૈક્ષણિક બ્લોક બનાવાયા છે. તથા 300ના સમાવેશ સાથેનો સભાગૃહ અને છાત્રાલય છે.

[II] આ નવા પરિસરની વિશેષતા એ છે કે તે 'નેટ ઝીરો' પરિસર છે. જેમાં સૌર ઊર્જા, ઘરેલુ અને પેયજળ ઉપચાર યંત્ર, ખરાબ પાણીના પુન: ઉપયોગ સહિતની પર્યાવરણ અનુકૂળ સુવિધાઓ છે.

[III] લગભગ 1600 વર્ષ પહેલા સ્થાપિત મૂળ નાલંદા વિશ્વવિદ્યાલયને દુનિયાની પ્રથમ આવાસીય વિદ્યાલયોમાંની એક છે.

## [*] નવો ટપાલ કાયદો 'ડાકઘર અધિનિયમ 2023' લાગુ થયો.

[I] કેન્દ્ર સરકારે ભારતીય ડાકઘર અધિનિયમ, 1898 ને રદ કરી નવો ડાકઘર અધિનિયમ 2023 લાગૂ કર્યો.

[II] આ અધિનિયમનો ઉદ્દેશ્ય નાગરિક-કેન્દ્રિત સેવાઓના વિતરણ માટે એક સરળતા પ્રદાન કરવાનો તથા સરકારી યોજનાના લાભને અંતિમ વ્યક્તિ સુધી પહોંચાડવાનો છે.

[III] ભારતના રા.પતિએ અધિનિયમ પર તેમની સહમતી આપ્યા બાદ કાયદા અને ન્યાય મંત્રાલયે ભારતના રાજપત્રના ભાગ-II, ખંડ 1 માં માહિતી પ્રકાશિત કરી આ કાયદો અમલી બનાવ્યો.

Current Affairs By C.H.Shingala
Crack GPSC

કરન્ટ અફેર્સ
Daily કરન્ટ અફેર્સ PDF આપને ટેલિગ્રામ ચેનલમાં મળશે.
/CrackGPSCapp

[*] વિનોદ ગણાત્રાને 'નેલસન મંડેલા લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડ' અપાયો.

[I] વિનોદ ગણાત્રાને તેમના ફિલ્મક્ષેત્રના યોગદાન માટે આ એવોર્ડ મળતા તેઓ એવોર્ડ પ્રાપ્ત કરનાર પ્રથમ ભારતીય બન્યા.

[II] શ્રી વિનોદ વિશ્વસ્તરે પ્રશંસિત ફિલ્મ નિર્માતા છે. અને તેમણે 36 રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પુરસ્કાર મળ્યા છે. જેમાં બાળકોનો કાર્યક્રમ 'આંગન રાજ' માટે 'મનકીનાથ ગૌર પુરસ્કાર', શિકાગો ખાતે ગુજરાતી ફિલ્મ 'હારૂન-અરુણ' માટે 'લિવ ઉલમાન શાંતિ પુરસ્કાર' અગત્યના છે.

[III] શ્રી વિનોદ મૂળ ગુજરાતના છે. અને તેમણે પ્રથમ ફીચર ફિલ્મ 'હેડા-હોડા' (આંધળો ઊંટ) માટે અનેક પુરસ્કાર મેળવ્યા હતા.




[IV] સાતમો નેલ્સન મંડેલા બાલ ફિલ્મ મહોત્સવ - 15 થી 18 જૂન દ. આફ્રિકાના જોહાનિસબર્ગમાં આયોજિત થયો હતો.

[*] નીરજ ચોપડાએ પાવો નૂરમી રમતમાં ગોલ્ડ મેળવ્યો.

[I] નીરજ ઓલિમ્પિક 2024 અગાઉ આ ગોલ્ડ મેળવ્યો. જેમાં ત્રીજા પ્રયાસે 85.97 મીટરનો તેણે ભાલાનો થ્રો કર્યો.

[II] ટોની કેરેનને 84.19 સાથે સીલ્વર અને ઓલિવર હેલેન્ડરે 83.96 સાથે બ્રોન્ઝ મેળવ્યો.

[III] અગાઉ 2022માં નીરજને પાવો નૂરમી ગેમ્સમાં સિલ્વર મેળવ્યો હતો.



**[*] ભર્તૃહરિ મહતાબ 18મી લોકસભાના પ્રોટેમ સ્પીકર નિયુક્ત થયા.**

[I] રા.પતિ દ્રૌપદી મુર્મુએ આ નિયુક્તિ કરી. ભર્તૃહરિ કટકથી સાતવારના સાંસદ રહી ચુક્યા છે.

[II] વિપક્ષી નેતાના મતે સરકારે કોંગ્રેસના સૌથી વરિષ્ઠ સાંસદ કોડિકુન્નિલ સુરેશને આ સન્માન આપવાની પરંપરાને નજરઅંદાજ કરી જેઓ આઠ વાર સાંસદ બન્યા છે.

[III] રા.પતિએ બંધારણના અનુ. 95(1) અંતર્ગત અધ્યક્ષની ચૂંટણી સુધી અધ્યક્ષ પદ માટે નિયુક્ત કર્યા છે. અને 18મી લોકસભામાં ચૂંટાયેલ સભ્યો પ્રોટેમ સ્પીકર સમક્ષ શપથ લેશે.

[IV] 18મી લોકસભાનું પ્રથમ સત્ર 24 જૂનથી શરૂ થશે. અને 26 જૂને અધ્યક્ષની ચૂંટણી થશે.

**[*] પૂણેના અગારકર રિસર્ચ ઈન્સ્ટીટ્યૂટે વૈજ્ઞાનિકોને ડાયટમ (એક શેવાળ) ની નવી પ્રજાતિ શોધી.**

[I] આ પ્રજાતિ પૂર્વ ઘાટ પર્વત શ્રૃંખલાના પ્રદૂષણ રહિત જળમાં મળી આવી. જેને 'ઈડિકોનેમા' નામ અપાયું છે.

[II] ભારતમાં ડાયટમની સમૃદ્ધ વિવિધતા છે. જેમાં લગભગ 6500 પ્રજાતિ જોવા મળે છે. જેમાંની 3% પ્રજાતિ સ્થાનિક છે.

[III] ઈડિકોનેમા પૂર્વ આફ્રિકી સ્વદેશી જીનસ એફ્રોસિમબેલાથી સંબંધ દર્શાવે છે.

[IV] ડાયટમ વિશ્વભરમાં ઉપયોગ થતી ઓક્સિજનના લગભગ 25% ઉત્પન્ન કરે છે. તથા પાણીની રાસાયણિક ગુણવત્તા સુધારવામાં મદદ કરે છે.

Current Affairs By C.H.Shingala

# One Liner News

(A) થાઈલેન્ડ સમલૈંગિક વિવાહને માન્યતા આપનાર પ્રથમ દક્ષિણ એશિયાઈ દેશ બન્યો.

(B) ઓડિશાના પૂર્વ રાજ્યપાલ મુરલીધર ચંદ્રકાન્ત ભંડારેનું 95 વર્ષની વયે નિધન

(C) Vivo ગ્રેટર નોઈડામાં ભારતનું સૌથી મોટું સ્માર્ટફોન પ્લાન્ટ માંનું એક શરૂ કરશે.

(D) અમેરિકી કંપની એનવીડિયા 3.335 ટ્રિલિયન ડોલરની બજાર મૂડી સાથે દુનિયાની સૌથી મૂલ્યવાન કંપની બની

[E] અજીત કુમાર કે કે ધનલક્ષ્મી બેંકના MD અને CEO નિયુક્ત થયા.

[F] વર્લ્ડ ફૂડ ઇન્ડિયા 2024 માટેની વેબસાઈટ અને મોબાઈલ એપ કેન્દ્રીય ખાદ્ય ઉદ્યોગ મંત્રી ચિરાગ પાસવાન અને કેન્દ્રીય ખાદ્ય ઉદ્યોગ અને રેલ રાજ્યમંત્રી રવનીત સિંહે લોન્ચ કર્યા. (19 થી 22 સપ્ટેમ્બર 2024 આયોજિત થશે.

[G] ઝારખંડના મુખ્યમંત્રી ચંપાઈ સોરેનની અધ્યક્ષતા વાળી કેબિનેટે જાતિ આધારિત સર્વેક્ષણને મંજૂરી આપી.

[H] ભારતીય રેલવેએ જમ્મુ અને કશ્મીરમાં ચિનાબ બ્રિજ પર મેમૂ ટ્રેનનું સફળ ટ્રાયલ રન કર્યું.
↳ electric train for short and Medium distance

[I] પટના ઉચ્ચ ન્યાયાલયે બિહાર સરકારની નોકરી અને શિક્ષણમાં અપાયેલ 65% અનામત રદ કરી.

[J] નાણાકીય વર્ષ 2024માં ભારત સી-ફૂડનો સૌથી મોટો નિકાસકાર બન્યો. જેમાં ફ્રોઝન ઝીંગાની સૌથી વધુ નિકાસ થઈ.

Current Affairs By C.J Shingala

# * 23 જૂન-2024 *

**[*] સંયુક્ત આરબ અમીરાત પાસેથી મોતી માટે પ્રસિદ્ધ ચોથી સદીનું ખોવાયેલું શહેર મળ્યું.**

[I] પુરાતત્વવિદોએ UAE ના તટ પર સિનિયાહ દ્વીપ પર લાંબા સમયથી લુપ્ત પ્રાચીન શહેર શોધી કાઢ્યું છે જે એક સમયે મોતી ઉદ્યોગ માટે પ્રસિદ્ધ હતું.

[II] શોધકર્તાઓએ શોધેલ આ પ્રાચીન આવાસીય ભવનો સાથેનું શહેર ઐતિહાસિક શહેર તુઆમનો હિસ્સો માનવામાં આવે છે. તુઆમ શહેર ચોથી થી 6ઠ્ઠી સદી દરમિયાન અસ્તિત્વમાં હોવાનું માનવામાં આવે છે.

[III] પ્રાચીન ગ્રંથોમાં ઉલ્લેખ મુજબ તુઆમ શહેર મોતી અને માછલી પકડવાનો ઉદ્યોગ તરીકે પ્રખ્યાત હતું. જે તે સમયના રાજ્યની રાજધાની હતુ.

[IV] ક્ષેત્રીય સંઘર્ષ અને 6ઠ્ઠી સદીમાં ફેલાયેલ કૈલી બ્યુબોનિક પ્લેગની મહામારીના કારણે આ ક્ષેત્ર પતન થયું હોવાનું માનવામાં આવે છે.

**[*] UP સરકાર ભર્તી પરીક્ષા આયોજિત કરવા નવી નીતિ લાવશે.**

[I] પ્રતિયોગી પરીક્ષાઓ સ્વતંત્ર અને નિષ્પક્ષ રીતે આયોજિત કરવા UP સરકાર પરીક્ષા માટે ચાર એજન્સીઓને જવાબદારી સોંપશે.

[II] પરીક્ષાર્થીને તેના સ્થાનિક ક્ષેત્રથી દૂર પરીક્ષા કેન્દ્ર અપાશે. અને જે પરીક્ષામાં 1 લાખથી વધુ ઉમેદવાર હશે તેમાં બે ચરણમાં પરીક્ષા લેવામાં આવશે.

[III] પરીક્ષા બાદ OMR શીટની સ્કેનિંગ આયોગ અને ભરતી બોર્ડ દ્વારા કરવામાં આવશે.

[IV] પરીક્ષા કેન્દ્ર બે શ્રેણીમાં પસંદ કરાશે. (1) રાજકીય ઇંટર કોલેજ, મેડિકલ કોલેજ, એન્જિનિયરિંગ કોલેજ. (2) પ્રાઈવેટ શાળાઓ

**[*] કર્ણાટકના રાજ્યપાલ થાવરચંદ ગેહલોતે મૈસૂરમાં વમાં રાષ્ટ્રીય યોગ ઓલિમ્પિયાડ (NYO) નું ઉદ્ઘાટન કર્યું.**

[I] રાજ્ય સરકાર હર ઘર યોગના માધ્યમથી કર્ણાટકને ભારતનું અગ્રણી યોગ-સાક્ષર રાજ્ય બનાવવાની દિશામાં કામ કરી રહ્યું છે.

[II] NYO માં 400થી વધુ વિદ્યાર્થી અને 100 શિક્ષકોએ ભાગ લીધો હતો.

[III] વર્ષ 2024 માટે NYO નો વિષય - 'સ્વયં અને સમાજ માટે યોગ' હતો.

[IV] ઓલિમ્પિયાડનો ઉદ્દેશ્ય યોગને વિકસિત કરવાનો તથા શારીરિક, માનસિક અને ભાવનાત્મક વિકાસને વેગ આપવાનો છે.




**[*] ગ્લોબલ સેન્ટ્રલ બેન્કિંગ એવોર્ડ-2024**

[I] સોફ્ટવેર સેવાઓ, કોર્પોરેટ રિપોર્ટિંગ, ડેટા એનાલિટિક્સ, તાલીમ, પરીક્ષણ, સંશોધન, ઈ-ફાઈલિંગ ક્ષેત્રે કામ કરતી સંસ્થા [iris બિઝનેસ સર્વિસિસ લિમિટેડને] લંડન ખાતે ટેકનોલોજી સેવાઓમાં આ એવોર્ડ આપવામાં આવ્યો.

[II] [રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાને] 'રિસ્ક મેનેજર ઓફ ધ યર' પુરસ્કાર અપાયો. અગાઉ 2023માં આ જ કાર્યક્રમમાં RBIના ગવર્નર શક્તિકાંત દાસને 'ગવર્નર ઓફ ધ યર' પુરસ્કાર અપાયો હતો.

## [*] સંયુક્ત રાષ્ટ્ર લોકસેવા દિવસ - ૨૦૨૪ - 23 જૂન

[I] સામુદાયિક વિકાસ અને કલ્યાણને વધારવામાં સાર્વજનિક સેવાની મહત્વપૂર્ણ ભૂમિકાને ઉજાગર કરવા ૨૦૦૨માં UN મહાસભાએ આ દિવસની શરૂઆત કરી હતી.

[II] સંયુક્ત રાષ્ટ્ર આર્થિક અને સામાજિક પરિષદે સંયુક્ત રાષ્ટ્ર લોક સેવા પુરસ્કારની સ્થાપના કરી, જે લોક સેવા દિવસ પર આપવામાં આવે છે. જે સામાજિક અને સાર્વજનિક સેવાની ભૂમિકા, પ્રતિષ્ઠા અને દૃશ્યતાને વિસ્તારવાનો ઉદ્દેશ્ય ધરાવે છે.

[III] વર્ષ ૨૦૨૪ની થીમ:-

'વૈશ્વિક પડકારો વચ્ચે નવીનતાને વેગ આપવો: એક સાર્વજનિક ક્ષેત્રનું પરિપ્રેક્ષ્ય છે.'

## [*] આંકડાઓ અનુસાર, સાંસદ સરેરાશ શહેરી પરીવારોની તુલનામાં 27 ગણા વધુ અમીર છે.

[I] ૨૦૨૪ના ચૂંટણીમાં જે ઉમેદવારો સફળ થયા તેઓમાંના મોટા ભાગના અમીરો છે અને તેમની સંપત્તિ 10% શહેરી પરિવારોની સંપત્તિ બરાબર છે. ૨૦૨૪ની ચૂંટણીમાં જીતનાર ઉમેદવારોની સરેરાશ સંપત્તિ 7.4 કરોડ રૂ. છે જ્યારે ઉમેદવારોની હાર થયેલાની સરેરાશ સંપત્તિ 6.25 કરોડ છે.

[II] ૨૦૨૪માં ટોચની 27 પાર્ટીઓના ઉમેદવારોની સરેરાશ સંપત્તિ ઓછામાં ઓછી 1 કરોડ હતી. બે મુખ્ય પાર્ટીઓ ભાજપા અને કોંગ્રેસમાં આ સરેરાશ અનુક્રમે રૂ. 7.6 કરોડ અને રૂ. 5.4 કરોડ હતી.

Current Affairs By C.H. Shingala

**[*] સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં અનિયમિતતા પર અંકુશ લાવવા કાયદો લાગૂ કરવામાં આવ્યો.**

[I] કાયદામાં ગુના માટે 10 વર્ષની જેલ અને 1 કરોડ રૂપિયાના દંડની જોગવાઈ કરવામાં આવી છે.

[II] લોકસભા અને રાજ્યસભામાં ક્રમશઃ 6 અને 9 ફેબ્રુઆરીએ સાર્વજનિક પરીક્ષા (અનુચિત વસ્તુ અટકાયત) વિધેયક, 2024 પસાર કરાયું. જેને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ મંજૂર કરતા તે કાયદો બન્યો.

[III] આ કાયદાનો ઉદ્દેશ્ય UPSC, SSC, NTA, રેલવે, બેંકિંગ જેવી પરીક્ષાઓમાં થતી ગેરરીતિઓ અટકાવવાનો છે. આ અધિનિયમમાં ગેરરીતિ અટકાવવા ઓછામાં ઓછી 3 થી 5 વર્ષની સજાની જોગવાઈ છે. અને વધુમાં વધુ 10 વર્ષની સજા અને ઓછામાં ઓછા રૂ.1 કરોડના દંડની જોગવાઈ છે.

[IV] રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ 12 ફેબ્રુઆરી, 2024ના આ અધિનિયમને સહી કરી કાયદો બનાવ્યો હતો. જેને કર્મચારી અને તાલીમ વિભાગ દ્વારા અધિસૂચિત કર્યાથી અધિનિયમ 21 જૂન, 2024થી પ્રભાવિત થયો.

[V] સાર્વજનિક પરીક્ષા આયોજક સંસ્થાને ગુનેગાર સાબિત થયાથી ચાર વર્ષ માટે બ્લેક લિસ્ટ કરવામાં આવશે.

## ⊙ સાર્વજનિક પરીક્ષા (અનુચિત વસ્તુ અટકાયત) અધિનિયમ, 2024 ⊙

## દંડનીય અપરાધ

1. પ્રશ્નપત્ર અથવા જવાબવહી લીક કરવી..
2. પરીક્ષાર્થીની અનઅધિકૃત રીતે પ્રત્યક્ષ કે પરોક્ષ મદદ કરવી.
3. કમ્પ્યૂટર નેટવર્ક, સંસાધન કે સિસ્ટમ સાથે છેડછાડ કરવી.
4. આર્થિક લાભ માટે નકલી વેબસાઈટ બનાવવી.
5. નકલી પરીક્ષા આયોજિત કરી, નકલી ~~ર~~ એડમીટ કાર્ડ કે ઓફર લેટર બનાવવા.
6. પરીક્ષાર્થીની બેઠક વ્યવસ્થા, તારીખ કે સ્થળમાં અનુચિત ફેરફાર કરવા___.

Current Affairs By C.H.Shingala GPSC

# [*] 24 જૂન - 2024 [*]

## [*] 53મી GST પરીષદ

[I] 53મી GST પરીષદની બેઠક નવી દિલ્હી ખાતે આયોજીત થઈ. જેમાં નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે ભારતીય રેલવે દ્વારા સામાન્ય નાગરીકોને અપાતી સેવામાં કોઈ ટેક્સ લેવામાં નહીં આવે. જેમાં પ્લેટફોર્મ ટીકિટ, રિટાયરીંગ રૂમ, વેઈટિંગ રૂમ, ઈલે. કાર સેવા વગેરેનો સમાવેશ કરાયો છે.

[II] પરીષદે કાર્ટૂન બોક્સ, બળીહાર અને બીનબળીહાર કાગળ કે પેપરબોર્ડ પર 12% ના એકસમાન દરે GST ની ભલામણ કરી. આ પગલાથી હિમાચલ પ્રદેશ અને જમ્મૂ-કાશ્મીરના સફરજન ઉત્પાદકોને ફાયદો થશે.

[III] આ ઉપરાંત પરીષદે સ્ટીલ, લોખંડ અને એલ્યુમિનિયમ દૂધના વાસણો (કેનો) પર એકસમાન 12% ના સમાન GST દરની ભલામણ કરી.

## [*] ઈન્દિરા ગાંધી આં. એરપોર્ટ પર FTI-TTP સુવિધા શરૂ.

[I] કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે 'ફાસ્ટ ટ્રેક ઈમિગ્રેશન- ટ્રસ્ટેડ ટ્રાવેલર પ્રોગ્રામ' (FTI-TTP) નું ઉદ્ઘાટન કર્યું. આ સુવિધાનો ઉદ્દેશ્ય વિશ્વ સ્તરીય ઈમિગ્રેશન સુવિધા તૈયાર કરી સ્વચાલીત ઈ-ગેટ્સનો ઉપયોગ કરી સ્ક્રીનીંગથી યાત્રીઓ માટે સુવ્યવસ્થિત પ્રક્રિયા પ્રદાન કરવાનો છે.

[II] FTI-TTP કેન્દ્ર સરકારની પહેલ છે. જેમાં ભારતીય નાગરિકો અને OCI કાર્ડધારકોને લાભ આપવા ડિઝાઈન કરવામાં આવી છે. ઈ-ગેટ્સનો ઉપયોગ કરી કુશળ અને સુરક્ષિત ઈમિગ્રેશન ક્લીયરન્સ મેળવી શકાશે.

[III] FTI-TTP સુવિધા ભારતના 21 મુખ્ય હવાઈ મથકો પર લાગૂ કરાશે. આ સુવિધામાં ઈ-ગેટ માટે યાત્રીને 5 વર્ષ માટે રજીસ્ટર કરાશે અને ત્યારબાદ ફરીથી રિન્યૂ કરાશે

Current Affairs By CH.Shingala

**[*] IUCN એ ઈબેરિયન લિંક્સની સ્થિતિને લુપ્તપ્રાયથી બદલીને 'અસુરક્ષિત' કરી.**

[I] ઈબેરિયન લિંક્સ (લિંક્સ પાર્ડિનસ) ના સંરક્ષણની સ્થિતિને લુપ્તપ્રાયમાંથી હટાવી 'અસુરક્ષિત' કરી.



[II] ઈબેરિયન લિંક્સ મુખ્યત્વે સ્પેન અને પોર્ટુગલમાં જોવા મળે છે. જેની આબાદી ૨૦૦૧માં 62 થી વધી 2022માં 648 થી વધુની થઈ. જેમાંથી આ ફેરફાર કરાયો છે.

[III] સ્થળાંતરણ અને એક્સ-સીટૂ પ્રજનન કાર્યક્રમના માધ્યમથી તેની આનુવંશિક વિવિધતામાં વિસ્તાર કરાયો અને પોર્ટુગલ તથા સ્પેનમાં વિવિધ સ્થાનો પર 100થી વધુ ઈબેરિયન લિંક્સને લાવવામાં આવ્યા.

IUCN - The International Union for Conservation of Nature.

Current Affairs By C.H. Shingala

**[*] તાજિકિસ્તાન સરકારે હિજાબ અને અન્ય પારંપરિક ઈસ્લામી કપડાં પર પ્રતિબંધ લગાવવાનું વિધેયક પસાર કર્યું.**

[I] તાજિકિસ્તાન સંસદના ઉપલા ગૃહ- મજલિસી મિલ્લી અને નિચલા ગૃહ - મજલિસી નમોયંદગોને આ વિધેયક પસાર કર્યું.

[II] ઔપચારિક રૂપથી પ્રતિબંધિત કરાયેલ આ કાયદાને વર્ષો બાદ બદલવામાં આવ્યો છે.

[III] તાજિક સરકારે ૨૦૦૭માં હિજાબ હટાવવાની શરૂઆત કરી અને શિક્ષણમંત્રાલયે વિદ્યાર્થીઓ માટે ઈસ્લામી પોશાક અને પશ્ચિમી શૈલીના મિનીસ્કર્ટ બંને પર પ્રતિબંધ મૂક્યો.

**★ મહારાષ્ટ્રના સિંદખેડ રાજામાં ખોદકામ દરમિયાન શેષશાયી વિષ્ણુ પ્રતિમા મળી આવી.**

I. મહારાષ્ટ્રના બુલઢાણાના સિંદખેડ રાજામાં ખાતેથી આ મૂર્તિ મળી.

II. આ સ્થળે આવેલ લખુજીજાધવરાવની છતરીના સંરક્ષણ કાર્ય દરમિયાન નિષ્ણાંતોની ટીમને અલગ અલગ પથ્થરો જોવા મળ્યા બાદ અહીં સંશોધન કરવાનો નિર્ણય કર્યો.

III. ખોદકામની શરૂઆત બાદ સભામંડપ ભાગમાંથી પ્રથમ દેવી લક્ષ્મીની મૂર્તિ મળી અને ત્યારબાદ આ સ્થળેથી 1.70મીટર લાંબી અને 1 મીટર ઊંચી શેષશાયી વિષ્ણુની પ્રતિમા મળી આવી.




**★ ઈસરોનો રી-યૂઝેબલ લોન્ચ વ્હિકલનો ત્રીજો સફળ પ્રયત્ન કર્યો.**

I. ઈસરોએ લેન્ડિંગ એક્સપરિમેન્ટ સિરીઝના અંતિમ ટેસ્ટ ચિત્રદુર્ગ એરોનોટિકલ ટેસ્ટ રેન્જ ખાતે એર ફોર્સના ચિનૂક હેલીકોપ્ટરથી 4.5 kmની ઊંચાઈ સુધી પરફેક્ટ હોરિઝોન્ટલ લેન્ડીંગ કરાયું.

II. 'પુષ્પક' નામક આ વ્હિકલનો વેગ કલાકના 320 kmથી વધુનો રહ્યો. જેની સરખામણીએ કોમર્શિયલ એરક્રાફ્ટના લેન્ડિંગ વેગ કલાકના 260 km અને ટિપિકલ ફાઈટર જેટ્સનો વેગ કલાકના 280 km હોય છે.

III. RLV LEX-03નું સફળ લેન્ડિંગ ભવિષ્યમાં અવકાશયાનને સ્પેસમાં મોકલવામાં તેમજ ધરતી પર સુરક્ષિત પરત લાવવામાં મહત્વપૂર્ણ રહેશે.



# * 25 June - 2024 *

**[*] ચીન અને ફ્રાંસે તારાઓમાં થતાં વિસ્ફોટના અધ્યયન માટે ઉપગ્રહ લોન્ચ કર્યો.**

[I] લોન્ગ માર્ચ-2-સી રોકેટની મદદથી આ ખગોળીય ઉપગ્રહ લોન્ચ કરવામાં આવ્યો. જેને ચીનના સીચુઆન પ્રાંતના શિચાંગ સેટેલાઈટ લોન્ચ સેંટરથી પ્રક્ષેપિત કરાયો.

[II] આ ઉપગ્રહમાં બે ચીની અને બે ફ્રાંસીસી એમ ચાર ઉપકરણો સમાવિષ્ટ છે.

[III] સ્પેસ વેરિએબલ ઓબ્જેક્ટ્સ મોનિટર નામક ઉપગ્રહ ચીન અને ફ્રાંસ તરફેના ખગોળીય વિજ્ઞાનક્ષેત્રનું પ્રથમ સંયુક્ત સાહસ છે. અગાઉ ચીન-ફ્રાંસે સમુદ્ર વિજ્ઞાન ઉપગ્રહ (CFOSat)ને 2018માં લોન્ચ કર્યો હતો.




**[*] શિક્ષણ મંત્રાલયે પ્રતિયોગી પરીક્ષા પ્રક્રિયામાં સુધાર માટે સાત સભ્યોની પેનલ બનાવી.**

[I] પૂર્વ ઈસરો પ્રમુખ કે. રાધાકૃષ્ણન વિશેષજ્ઞોની સમિતિના અધ્યક્ષ રહેશે. અને સમિતિ બે મહિનામાં NTA ના માધ્યમથી પરીક્ષાઓના પારદર્શી અને નિષ્પક્ષ સંચાલન માટેની જરૂરિયાતો રિપોર્ટ શિક્ષા મંત્રાલયને આપશે.

[II] સમિતિના અન્ય 6 સભ્યો.

(1) એમ્સ દિલ્હી પૂર્વ નિર્દેશક - રણદીપ ગુલેરિયા
(2) હૈદરાબાદ યુનિ.ના કુલપતિ - બી. જે. રાવ
(3) IIT મદ્રાસ સિવિલ એન્જિ. વિભાગના પ્રોફેસર - એમેરિટસ કે. રામમૂર્તિ
(4) પીપલ સ્ટ્રોંગના સહસ્થાપક અને કર્મયોગી ભારતબોર્ડના સભ્ય-પંકજ બંસલ
(5) IIT દિલ્હીના ડીન - આદિત્ય મિત્તલ
(6) શિક્ષા મંત્રાલય સંયુક્ત સચિવ - ગોવિંદ જયસ્વાલ.

Current Affairs By C.H.Shinde

## [*] FDI પ્રવાહ બાબતમાં ભારત 2023માં 15માં સ્થાને.

[I] ભારતમાં પ્રત્યક્ષ વિદેશી નિવેશમાં 2022માં 8માં સ્થાને હતું જે 2023માં 43% ઘટીને 28 બિલિયન ડોલર સાથે 15માં સ્થાને આવી ગયું.

[II] ભારત ગ્રીનફીલ્ડ યોજનાઓની જાહેરાતમાં ચોથા સ્થાને છે. પરંતુ ભારત સાથે ફ્રાંસ, ઓસ્ટ્રેલિયા, ચીન, અમેરિકાએ પણ FDIમાં નુકસાની ભોગવી છે.

[III] ચીન 163 બિલિયન સાથે FDIમાં આગળ, જ્યારે અમેરિકા 311 બિલિયન સાથે સમગ્ર વિશ્વમાં પ્રથમ સ્થાને છે.

### • What is FDI (Foreign Direct Investment)? •

→ વિદેશી પ્રત્યક્ષ રોકાણ એ અન્ય દેશમાં સંપત્તિની ખરીદીનો ઉલ્લેખ કરે છે.

→ 1960માં FDI પર સ્ટીફન હાઈમરના સીમાચિહ્ન કાર્ય પહેલા કોઈ સિદ્ધાંત અસ્તિત્વમાં ન હતો જે FDI સાથે જોડાયેલ હોય.

→ આ સિદ્ધાંત બે દેશો વચ્ચેના વેપારના વિશેષીકરણનું કારણ બને છે તથા ઉત્પાદન ખર્ચમાં તફાવતના કારણોને સમજાવવા ઉપયોગી બને છે.

### • FDIના પ્રોત્સાહન સ્વરૂપો •

→ નીચા કોર્પોરેટ ટેક્સ
→ સબસિડી
→ મફત જમીન અથવા જમીન સબસિડી
→ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સબસિડી
→ R & D સપોર્ટ
→ ઊર્જાની સુવ્યવસ્થિત ખપત

**[*] હરિયાણા સરકારે OBC આરક્ષણમાં વધારો કર્યો અને ક્રીમી લેયર માટે આવક મર્યાદા વધારી.**

ક્રીમી લેયર
[I] હરિયાણાના મુખ્યમંત્રી નાયબસિંહ સૈની એ ક્રીમી લેયર માટે વાર્ષિક આવક મર્યાદા 6 લાખથી વધારી રૂ. 8 લાખ કરી. અને કેન્દ્ર સરકાર અંતર્ગત વેતન અને કૃષિ સ્ત્રોતની આવકને આવક ગણવાથી મુક્ત અપાય છે.

[II] કેન્દ્ર સરકારની નીતિ અનુસાર ગ્રુપ-A અને ગ્રુપ-B ની નોકરીઓમાં પછાત વર્ગ માટેનું આરક્ષણ 15% થી વધારી 27% કર્યું.

[III] આ ઉપરાંત હરિયાણા સરકારે ગુણવત્તાપૂર્ણ શિક્ષણ સુનિશ્ચિત કરવા 12,000 રૂ. થી 20,000 રૂ. સુધીની સ્કોલરશીપ OBC વર્ગના વિદ્યાર્થીઓના શિક્ષણ ઉત્થાન માટે આપવાની જાહેરાત કરી.

**[*] ભારતનું પ્રથમ 'UNESCO સાહિત્ય શહેર' - કોઝિકોડ.**

[I] સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસત માટે પ્રસિદ્ધ ઉત્તરી કેરળના કોઝિકોડ ને આધિકારિક રીતે UNESCO સાહિત્ય શહેર જાહેર કરવામાં આવ્યું છે.

[II] ઓક્ટો. 2023માં કોઝિકોડને UNESCO ક્રિએટિવ સિટીઝ નેટવર્ક (UCCN)ની સાહિત્ય શ્રેણીમાં સ્થાન અપાયું હતું. કોઝિકોડ નગર નિગમના કુશળ આયોજનના કારણે પ્રાગ જેવા ઐતિહાસિક સાહિત્યિક શહેરે પોતાનો આ દરજ્જો ગુમાવ્યો.

[III] રાજ્ય સરકારે આ સાથે 23 જૂનને 'સાહિત્યના શહેર દિવસ' તરીકે ઉજવવાની પણ જાહેરાત કરી છે.

[IV] 'આવનારા દશક માટે યુવાઓને મંચ પર લાવો' થીમ સાથે UCCN ના નવ-નામિત શહેરોને પુર્તગાલના બ્રાગા ખાતે વાર્ષિક સંમેલન (1 થી 5 જુલાઈ 2024) માં આમંત્રીત કરાશે.

[V] MPના ગ્વાલિયર ને 'UNESCO ના સંગીત શહેર' નો દરજ્જો મળ્યો છે.

Current Affairs By C.J Shingala

# * 26 જૂન - 2024 *

**[*] સરકારે તંબાકૂ મુક્ત શૈક્ષણિક સંસ્થાઓ (TOFEI) પર રાષ્ટ્રવ્યાપી અભિયાનની શરૂઆત કરી.**

[I] શિક્ષા મંત્રાલયે દેશભરમાં તમાકુ મુક્ત સંસ્થાઓ બનાવવા આ નિર્ણય કર્યો છે. ભારત દુનિયામાં તમાકુનો બીજો સૌથી મોટો ઉત્પાદક અને ઉપભોક્તા છે. અને સાથે સાથે ગંભીર સાર્વજનિક સ્વાસ્થ્ય સમસ્યાઓ સામે લડી રહ્યો છે.

[II] ગ્લોબલ યુથ ટોબેકો સર્વે (GYTS) 2019 અનુસાર 13થી15 વર્ષની ઉંમરના 8.5% શાળાના વિદ્યાર્થીઓ વિભિન્ન રીતે તમ્બાકૂનું સેવન કરે છે.

[III] 31મે, 2024એ વિશ્વ તમ્બાકૂ નિષેધ દિવસના ભાગ રૂપે શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગે 'TOFEL મેન્યુલ' તૈયાર કર્યું.

[IV] આ અભિયાન અંતર્ગત શાળા અને અન્ય શૈક્ષણિક પરીસરોમાં 'તંબાકૂ મુક્ત વિસ્તાર' ચિહ્ન પ્રદર્શિત કરવું, પરીસરમાં તંબાકૂનો ઉપયોગ પ્રતિબંધ, કર્મચારીઓમાં તંબાકૂ મોનિટર્સ નામિત કરવા વગેરે પગલાંઓ લેવાશે.

**[*] UPમાં વિશ્વનું પ્રથમ એશિયાઈ રાજ ગિધ સંરક્ષણ અને પ્રજનન કેન્દ્ર સ્થાપિત થશે.**

[I] UP દ્વારા મહારાજગંજમાં એશિયાઈ કિંગ વલ્ચર (લાલ માથાવાળું ગીધ) માટે આ કેન્દ્ર સ્થપાશે. 2007માં IUCNની લાલ સૂચીમાં તેને સંકટગ્રસ્ત પ્રજાતિની જનસંખ્યામાં મુકવામાં આવ્યું હતું.

[II] પશુઓને અપાતી ડાયક્લોફેનાક દવાના કારણે ગીધની વસ્તીમાં ઘટાડો થયો હતો.

[III] ગીધના આ કેન્દ્રને જટાયુ સંરક્ષણ અને પ્રજનન કેન્દ્ર નામ અપાયું છે.

Current Affairs By C.H.Shingala GPSC

**[*] ભારતીય માનક બ્યૂરો (BIS) એ સુરક્ષા વધારવા ઈલેક્ટ્રિક વાહનો માટે નવા સુરક્ષા માનકો રજૂ કર્યા.**

[I] ઈલેક્ટ્રીક વાહનોની સુરક્ષામાં સુધાર માટે L, M, અને N શ્રેણીમાં નવા સુરક્ષા માનકો તૈયાર કરાયા. જેમાં ક્રમશ: બે પૈડાંવાળા, ચાર પૈડાંવાળા અને માલવાહક ટ્રકોનો સમાવેશ થાય છે.

[II] નવા માનક, IS 18590:2024 અને 18606:2024, ઈલે. વાહનો માટે મહત્વપૂર્ણ ઘટક સાબિત થશે. આ માનકો બેટરીની સુરક્ષા અને કાર્યક્ષમતા બંને માટે કામ કરશે.

[III] BIS એ ઈલે. વાહનો અને તેના સહાયક ઉપકરણો માટે અલગ-અલગ 30 માનકો સુનિશ્ચિત કર્યા છે.

**[*] શ્રીનગર 'વર્લ્ડ ક્રાફ્ટ કાઉન્સિલ' દ્વારા 'વર્લ્ડ ક્રાફ્ટ સિટી' જાહેર થયું.**

[I] હાથવણાટ અને હસ્તશિલ્પ ક્ષેત્રને વેગ આપવા તથા પર્યટન અને પ્રાથમિક
તેનાથી જમ્મુ અને કાશ્મીર ક્ષેત્રમાં આ નામાંકરણ થયું.
બાબતોને વધારવા બદલ

[II] આ માન્યતાથી શ્રીનગરના કારીગરોને નવી રોજગારી મળશે તથા વધુ રોકાણને આકર્ષિત કરશે. જેનાથી આ ક્ષેત્રો આધુનિક તકનીકને પણ વેગ મળશે.

[III] વિશ્વ શિલ્પ પરિષદ, વૈશ્વિક શિલ્પ કૌશલ્ય અને પારંપરિક શિલ્પના સંરક્ષણ, પ્રચાર અને ઉન્નતિ માટેની એક આંતરરાષ્ટ્રીય બિન લાભકારી સંગઠન છે. જેની સ્થાપના 1964માં થઈ અને તેને UNESCO અંતર્ગત જોડવામાં આવી.

Current Affairs By C.H.Shingala GPSC

**(*) કેરળ વિધાનસભાએ રાજ્યનું નામ બદલીને 'કેરલમ્' કરવાનો પ્રસ્તાવ પસાર કર્યો**

I) કેરળ વિધાનસભાએ સર્વસંમતિથી નામ બદલવાના પ્રસ્તાવને બીજી વખત પસાર કર્યો.

II) કેરળ સરકારે કેન્દ્ર સરકારને બંધારણની 8મી અનુસૂચી અંતર્ગત રાજ્યનું નામ બદલવા માટે આગ્રહ કર્યો.

III) રાજ્યને મલયાલમમાં 'કેરલમ્' કહેવામાં આવે છે અને મલયાલમ ભાષી સમુદાયો માટે એક સંયુક્ત કેરળ બનાવવાની માંગ પણ ઉઠી રહી છે.




IV) બંધારણના અનુચ્છેદ-3 અનુસાર સંસદનો રાજ્યો માટે નવી સીમા બનાવવાનો કે હાલના રાજ્યોના નામ બદલવાનો અધિકાર છે. પરંતુ આ માટે બંધારણીય સંશોધન આવશ્યક બને છે.

**(*) મુત્સદ્દીગીરિમાં (Deplomacy) મહિલાઓનો આંતરરાષ્ટ્રીય દિવસ - 24 જૂન**

I) આ દિવસ આંતરરાષ્ટ્રીય સંબંધોને આકાર આપવા તથા શાંતિને વધારવામાં મહિલાઓની મહત્વપૂર્ણ ભૂમિકાને માન્યતા આપવા આ દિવસ મનાવાય છે. 2022માં UN મહાસભાના 76માં સત્રમાં આ દિવસની જાહેરાત થઈ.

II) ભારતના હંસા મહેતાને આ દિવસ પર UN મહાસભાના અધ્યક્ષ ડેનિસ ફ્રાંસિસે સન્માનિત કર્યા હતા. તેઓ માનવ અધિકારની સાર્વભૌમ ઘોષણાના અનુ. 1 માં 'તમામ પુરુષ સ્વતંત્ર અને સમાન જન્મે છે.' ને 'તમામ મનુષ્ય સ્વતંત્ર અને સમાન જન્મે છે.'માં બદલવામાં સફળ રહ્યા.

III) તેઓ 1946માં અખિલ ભારતીય મહિલા સંમેલનના અધ્યક્ષ બન્યા અને 'મહિલા અધિકારોના' ચાર્ટર બનાવવામાં નેતૃત્વ કર્યું.

# One Liner News

1. 18મી લોકસભાના અધ્યક્ષ માટે ઓમ બિરલા અને કોડિકુન્નિલ સુરેશ વચ્ચે ચૂંટણી થશે.

2. રાહુલ ગાંધી લોકસભામાં વિપક્ષના નેતા તરીકેની જવાબદારી સંભાળશે.

3. ગુજરાત રાજ્ય સરકારનો 21મો શાળા પ્રવેશોત્સવ-2024ની શરૂઆત CM ભૂપેન્દ્ર પટેલ ડાંગ જિલ્લાના અંતરિયાળ ગામ બિલિઆંબાથી કરાવશે. બીજા દિવસે તેઓ છોટાઉદેપુર અને ત્રીજા દિવસે તેઓ સુરેન્દ્રનગર જિલ્લામાં ઉપસ્થિત રહેશે.

4. અફઘાનિસ્તાને ડકવર્થ લૂઈસના નિયમ હેઠળ બાંગ્લાદેશને 8 રનથી હરાવીને પ્રથમવાર T20 વર્લ્ડ કપની સેમીફાઈનલમાં સ્થાન મેળવ્યું.

5. ફિલ્મ એક્સિડેન્ટ યા કન્સ્પીરેસી: ગોધરાનું ટ્રેલર રિલીઝ થયું. જેના લીડ રોલમાં બિગબોસ OTT-3ના રણવીર શૌરીનો સમાવેશ થયો છે.

6. બોલિવૂડ અભિનેત્રી સોનાક્ષી સિન્હાએ ઝહીર ઇકબાલ સાથે લગ્ન કર્યા.



# * 27 જૂન - 2024 *

## * 'સફાઈ અપનાવો, બીમારી ભગાઓ' પહેલ.

I. આવાસ અને શહેરી બાબતના મંત્રાલયે 'સ્વચ્છ ભારત મિશન-અરબન 2.0 અંતર્ગત સફાઈ અપનાવો, બીમારી ભગાવો (SABB) પહેલ શરૂ કરી. જેનો ઉદ્દેશ્ય ભારે વરસાદ અગાઉ સ્થાનિક વિસ્તારોને સ્વચ્છ બનાવવાનો છે.

II. આ પહેલમાં સ્વચ્છતા પર ધ્યાન કેન્દ્રિત કરવા વ્યાપક રીતે તમામ શહેરી સ્થાનિક સંસ્થાઓના આંતરિક વિભાગો ભાગ લેશે.

III. આ અભિયાનમાં કચરાનો સંગ્રહ અને નિકાલ, તમામ જાહેર શૌચાલયોની સફાઈ, બાળકો માટે વિશેષ સ્વચ્છતા સુવિધાઓ વગેરેને સમાવિષ્ટ કરવામાં આવ્યું છે.

## * MP સરકાર રાજ્યના તમામ જિલ્લામાં એક પ્રધાનમંત્રી ઉત્કૃષ્ટતા મહાવિદ્યાલય સ્થાપશે.

I. MPના CM ડૉ. મોહન યાદવે રાજ્યના તમામ 55 જિલ્લામાં આ સંસ્થા સ્થાપવાની તથા નવી ડ્રોન નીતિ બનાવવાની જાહેરાત કરી.

II. CM એ ડ્રોન, AI, કૃષિમાં વધતા રોજગારના અવસરોને ધ્યાને રાખતા સુવ્યવસ્થિત શિક્ષણવ્યવસ્થા બનાવવાના નિર્દેશો આપ્યા.

III. તમામ PM ઉત્કૃષ્ટતા મહાવિદ્યાલયમાં 'ભારતજ્ઞાન પરંપરા કેન્દ્ર' પણ સ્થાપિત કરાશે જેમાં ભારતીય પારંપરિક જ્ઞાન અપાશે.

Current Affairs By C.H. Shingala

## (*) One Week One Theme (OWOT) અભિયાન

I. વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક અનુસંધાન પરિષદ (CSIR) અને AIIM દ્વારા આ અભિયાન જૂન થી ડિસે. 2024 સુધી ચલાવાશે.

II. આ અભિયાનમાં વિજ્ઞાન અને ટેકનોલોજીના વિવિધ ક્ષેત્રોમાં ભારતની હાલની સફળતાની વાર્તાઓ પ્રદર્શિત થશે. તથા નવીનતમ રોજગાર ઉત્પન્ન કરતી પરિયોજનાઓની માહિતી અપાશે.

III. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય CSIRની પ્રયોગશાળાઓની ઉપલબ્ધિઓ વધારવાનો અને ઉદ્યોગો સાથે તેનો સહયોગ વધારવાનો છે.

## (*) રાષ્ટ્રીય ડાયેરિયા રોકો અભિયાન-2024

I. કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જગત પ્રકાશ નડ્ડાએ આ અભિયાન શરૂ કર્યું. જે અંતર્ગત બાળકોને ઓરલ રિહાઇડ્રેશન સોલ્ટ (ORS) અને ઝિંકની ગોળીઓ અપાશે. આ અભિયાન 1 જુલાઈ થી 31 ઓગસ્ટ સુધી ચાલશે.

II. ડાયેરિયા રોકો અભિયાનનો ઉદ્દેશ્ય બાળકોમાં ડાયેરિયાથી થતા મૃત્યુને અટકાવવાનો છે.




III. વર્તમાનમાં ડાયેરિયા રણનીતિમાં 2 સપ્તાહ માટે અભિયાન ચલાવાતું હતું જે હવેથી 2 માસ માટે ચલાવાશે. અને આવનારા વર્ષ સુધી બાળકોને ORS અને ઝિંકની ગોળીઓ અપાશે.

Current Affairs By C.H. Shingala

**(*) સરકાર 5G સ્પેક્ટ્રમની હરાજીથી 96000 કરોડ મેળવશે,**

[I] દૂર સંચાર સેવા પ્રદાતાઓ માટે 5G સ્પેક્ટ્રમની હરાજી શરૂ થઈ છે. જેમાં 800 MHz, 900 MHZ, 1800 MHZ, 2100, 2300, 2500, 3300 MHZ અને 26 GHZ બેંડની નિલામી શરૂ કરી.

[II] સરકારે હાલ 600 અને 700 MHZ બેંડને નિલામીથી બહાર રાખ્યા છે. નીલામીમાં પ્રાપ્ત બેંડ 20 વર્ષ માટે માન્ય રહેશે અને કંપની 10 વર્ષ બાદ તેને વિકસિત અથવા સરેન્ડર કરી શકશે.

[III] આ નિલામી માટે રિલાયન્સ જીયો, ભારતી એરટેલ અને વોડાફોન આઈડિયા એ કુલ 4350 કરોડની ધન રાશિ જમા કરાવી છે.


[IV] વિભાગે 3300 MHZ અને 26 GHZ બેંડ માટેના આરક્ષિત મૂલ્યોમાં આ વખતે ક્રમશઃ 12% અને 8.9% નો વધારો કર્યો છે.

**(*) ઓમ બિરલા બીજા કાર્યકાળ માટે લોકસભા અધ્યક્ષ બન્યા.**

[I] NDA ના પ્રસ્તાવિત ઉમેદવાર ઓમ બિરલા 18મી લોકસભાના સ્પીકરની ચૂંટણીમાં 26 જૂને તેમના પ્રતિસ્પર્ધી ઈન્ડિયા ગઠબંધનના ઉમેદવાર સુરેશને હાર આપીને અધ્યક્ષ બન્યા.

[II] 1985માં બલરામ જાખડ બાદ ઓમ બિરલા એકમાત્ર લોકસભા સ્પીકર છે જેઓએ બે પૂર્ણ કાર્યકાળ માટે સેવા આપી.

[III] ઓમ બિરલા રાજસ્થાનના કોટાથી ત્રણવાર સંસદ રહી ચૂક્યા છે અને આગલી 17મી લોકસભામાં પણ તેઓ સ્પીકર હતા.



[IV] કોંગ્રેસના કે. સુરેશે 8 વાર કેરળના માવેલિકારા ચૂંટણી ક્ષેત્રનું પ્રતિનિધિત્વ કર્યું છે.

Current Affairs By C.H.Shingala

# * 28 June, 2024 *

## * ભારતનું સૌથી મોટું દિપડાનું સફારી પાર્ક ખુલ્લુ મુકાયું.

I) કર્ણાટકના વન મંત્રી ઈશ્વર ખંડ્રે એ ભારતની સૌથી મોટી અને ત્રીજી દિપડાની સફારી બેંગલુરુના બનેરઘટ્ટા જૈવિક ઉદ્યાન (BBP) ને જનતા માટે ખુલ્લું મુક્યું. હાલ આ સફારી પાર્કમાં આઠ દિપડા છોડવામાં આવ્યા છે અને ત્યારબાદ સમયાંતરે તેની સંખ્યામાં વધારો કરવામાં આવશે.

II) બનેરઘટ્ટા જૈવિક ઉદ્યાન XC2 સંરક્ષણ કાર્યક્રમ હેઠળ સિંહ, વાઘ અને રીંછનું સંરક્ષણ પણ કરી રહ્યું છે. અને આ ઉપરાંતના માંસાહારી જાનવરો પણ અહીં મોટી સંખ્યામાં જોવા મળે છે. આ ઉદ્યાન ૨૦ હેક્ટર વિસ્તારમાં ફેલાયેલ છે તથા તે સ્ટીલ બેરિકેડ્સથી સુરક્ષિત છે.

## * પ્રથમ આંતરરાષ્ટ્રીય ડેરી ફેડરેશન એશિયા-પ્રશાંત શિખર સંમેલન ૨૬ થી ૨૮ જૂન કોચ્ચિ ખાતે આયોજિત થયું.

I) કેન્દ્રીય મત્સ્ય પાલન, પશુપાલન અને ડેરી મંત્રાલય, રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ અને આંતરરાષ્ટ્રીય ડેરી ફેડરેશન દ્વારા સંયુક્ત રીતે 'ડેરી ઉદ્યોગમાં કિસાન કેન્દ્રીત નવીનતા' વિષય પર આ આયોજન કરવામાં આવ્યું જેમાં વૈશ્વિક ડેરી ક્ષેત્રના નેતાઓ અને વિશેષજ્ઞો ક્ષેત્રના વિકાસ માટે ગહન ચર્ચાઓ કરવા એકઠા થયા.

II) આ સંમેલનનો ઉદ્દેશ્ય વિશેષ રીતે એશિયા પ્રશાંત ક્ષેત્ર અને વિશ્વ સ્તરે ડેરી ક્ષેત્રને પ્રભાવિત કરતા મુદ્દાઓને સામૂહિક રીતે સંબોધિત કરવાનો છે. આ કાર્યક્રમમાં ૨૦ થી વધુ દેશોના 1000 થી વધુ પ્રતિનિધિઓ અને પ્રતિયોગીઓએ ભાગ લીધો હતો.

Current Affairs By C.H. Shingala

## [*] MSME દિવસ - 27 જૂન

[I] સતત વિકાસના લક્ષ્યો (SDGs) ને પ્રાપ્ત કરવા માટે અને તેના માટે સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોની ભૂમિકા બાબતે જાગૃતતા લાવવા સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ 2017માં આ દિવસની જાહેરાત કરી.

[II] ઈન્ટરનેશનલ કાઉન્સિલ ફોર સ્મોલ બિઝનેસના એક રિપોર્ટ અનુસાર, MSME કુલ ફર્મના 90% થી વધુ અને કુલ રોજગારના 60-70% યોગદાન આપે છે.

[III] કેન્દ્રીય MSME મંત્રી જીતન રામ માંઝીએ 'ઉદ્યમી ભારત' MSME દિવસ સમારોહની અધ્યક્ષતા કરી. અને તેમના નિવેદન અનુસાર ભારતમાં 63 મિલિયન MSME છે. જ્યારે ચીનમાં તે 140 મિલિયન છે.

[IV] MSME દિવસ 2024ની થીમ - વિવિધ સંકટના સમયમાં સતત વિકાસમાં તેજી લાવવા અને ગરીબી ઉન્મૂલન માટે MSMEની શક્તિ અને સ્થિતિસ્થાપકતાનો લાભ ઉઠાવવો.

## [*] વાયુ સૈન્ય અભ્યાસ 'હોપેક્સ' - ભારત અને મિસ્ર

[I] ભારત અને મિસ્રની વાયુસેનાનું સંયુક્ત અભ્યાસ 21 થી 26 જૂન મિસ્ર ખાતે આયોજિત થયું. જેમાં ભારતીય વાયુસેનાના રાફેલ લડાયક વિમાને ભાગ લીધો.

[II] આ અભ્યાસનો ઉદ્દેશ્ય દ્વિપક્ષીય અને ક્ષેત્રીય સહયોગને વધારવાનો છે. જે બંને દેશો વચ્ચેના દીર્ઘકાલિન સંબંધોનું પ્રતીક છે.

[III] વર્ષ 2022માં ભારત અને મિસ્રએ તેમના સંબંધોની 75મી વર્ષગાંઠ ઉજવી હતી.

## [*] ચેડવિક હાઉસ: નેવિગેટિંગ ઓડિટ હેરિટેજ

[I] ભારતના 14માં નિયંત્રક અને મહાલેખા પરીક્ષક CAG ગિરીશ ચંદ્ર મુર્મૂએ ભારતના પ્રથમ આ પ્રકારના સંગ્રહાલયનું શિમલા ખાતે ઉદ્ઘાટન કર્યું. આ સંગ્રહાલય CAGની સમૃદ્ધ વિરાસત અને રાષ્ટ્રના શાસનમાં તેના યોગદાનની બાબતો દર્શાવશે.

[II] મહાત્મા ગાંધી 1946માં કેબિનેટ મિશન માટે શિમલાની તેમની યાત્રા દરમિયાન ચેડવિક હાઉસ ખાતે રોકાયા હતા. આ સ્થળને સંગ્રહાલય તરીકે સ્થાપિત કરવાની પ્રક્રિયા ડિસે. 2020માં તત્કાલીન પ્રસાર ભારતી દ્વારા એક હસ્તાક્ષર દ્વારા કરવામાં આવી હતી.

[III] આ સંગ્રહાલયમાં અલગ અલગ 10 ગેલેરી છે. જેમાં કેગનો ઈતિહાસ, ભૂમિકા અને મહત્વની બાબતોને કંડારવામાં આવશે. અહિં બ્રિટિશ યુગનું રેમિંગ્ટન ટાઈપરાઈટર પણ મુકાશે.

### • CAG •

Comptroller and Auditor General of India

→ ભારતની સર્વોચ્ચ ઓડિટ સંસ્થા છે. જેની સ્થાપના ભારતના બંધારણની કલમ 148 હેઠળ કરવામાં આવી છે. તે ભારત સરકાર અને રાજ્ય સરકારના તમામ ખર્ચનું ઓડિટ કરવાની સત્તા ધરાવે છે.

→ CAGની નિમણૂંક ભારતના વડાપ્રધાનની ભલામણથી રાષ્ટ્રપતિ દ્વારા થાય છે અને તેમનો સમયગાળો 6 વર્ષ અથવા 65 વર્ષ માંથી જે પહેલાં હોય તે હોય છે. અને તેમને માસિક ₹ 2,50,000 પગાર ચુકવવામાં આવે છે.

→ CAGના રિપોર્ટને સંસદ અને વિધાનમંડળો સમક્ષ મુકવામાં આવે છે અને જાહેર હિસાબ સમિતિ દ્વારા તેના પર ચર્ચા કરીને તેને મંજૂરી આપવામાં આવે છે.

→ ભારતના પ્રથમ CAG - એડમન્ડ ડ્રમન્ડ (1860)

→ સ્વતંત્ર ભારતના પ્રથમ CAG - નરહરિ રાવ (1948)

Current Affairs By C.H. Shingala Crack GPSC

**[*] દક્ષિણ અમેરિકી રાષ્ટ્ર, પૈરાગ્વે, આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન (ISA)માં સામેલ થનાર 100મો પૂર્ણ સદસ્ય.**

[I] પૈરાગ્વેએ અધિકારિત રીતે નવી દિલ્હીમાં ISAમાં જોડાવાનું સમર્થનપત્ર સોંપ્યું. જેને ભારતના વિદેશ મંત્રાલયમાં આર્થિક અને રાજ્ય વિભાગના સંયુક્ત સચિવ અભિષેક સિંહ સ્વીકાર કર્યું.

[II] ISAની સ્થાપના 2015માં સંયુક્ત રાષ્ટ્ર જળવાયુ પરિવર્તન સંમેલન (COP21)માં ભારત અને ફ્રાંસે સંયુક્ત રીતે કરી હતી. જેનો ઉદ્દેશ્ય દુનિયા ભરમાં સૌર ઊર્જાના ફેલાવાને વધારવાનો તથા સભ્ય દેશોમાં આ ક્ષેત્રે સ્થાયી ઊર્જા સ્ત્રોતનો ઉપયોગ કરવાનો આગ્રહ રાખી ઊર્જા નિર્માણક્ષેત્રને પર્યાવરણીય અનુકૂળ બનાવવાનો છે.

[III] અત્યાર સુધીમાં 119 દેશો ISA ફ્રેમવર્કમાં હસ્તાક્ષર કરી ચૂક્યા છે જેમાંથી 100ને સંપૂર્ણ બહાલી મળી છે. વર્ષ 2024માં મે માસમાં સ્પેને 99માં સભ્ય તરીકે નોંધણી કરાવી હતી.

**[*] માઈક્રોવેવ ઓબ્સ્ક્યુરેંટ ચૅફ (MOC) રોકેટ**

[I] DRDO એ ભારતીય નૌસેનાને મધ્યમ અંતરની MOC રોકેટ આપી. જે DRDOના જોધપુર ખાતે નિર્માણ કરવામાં આવી છે.

[II] MOC ટેકનીક રડાર સિગ્નલને અસ્પષ્ટ કરે છે અને તેની આસપાસના વિસ્તારને શિલ્ડ કરે છે. જેમાં રોકેટના પ્રક્ષેપણ બાદ અંતરિક્ષમાં માઈક્રોવેવ અસ્પષ્ટ વાદળનું નિર્માણ થાય છે. જેનાથી રેડિયો ફ્રિક્વન્સી ધરાવતા દુશ્મન હથિયારો સામે મદદ અને રક્ષણ મેળવી શકાશે.

[III] રોકેટના બીજા ચરણના પરીક્ષણમાં 90% સુધીની સફળતા મળ્યા બાદ ભારતીય નૌસેનાએ તેને મંજૂરી આપી.

Current Affairs By C.H.Shingala

# * 29 જૂન 2024 *

## [*] FATF દ્વારા ભારતને રેગ્યુલર ફોલોઅપ કેટેગરીમાં મૂકવામાં આવ્યું.

[I] ફાયનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સે 2023-24માં ભારતના મૂલ્યાંકનને આંકી આ કેટેગરીમાં મૂક્યું.

[II] સિંગાપુર ખાતે આયોજિત FATFની આ બેઠકમાં ભારતના મની લોન્ડરિંગ અને ટેરર ફાયનાન્સિંગ સામે લડવાના પ્રયાસોને ધ્યાને રાખતા G20 સમૂહના 4 દેશો સાથે તેને આ કેટેગરીમાં મૂક્યુ.

[III] ભારતની વિકાસ પામી રહેલી ઇકોનોમી અને નાણાકીય સિસ્ટમમાં ભારતની સર્વાંગી સ્થિરતા અને સાર્વભૌમત્વને કારણે ભારતે ગ્લોબલ નાણાકીય નેટવર્કમાં મેળવેલ ઉત્કૃષ્ટ પ્રદાને ભારતમાં રોકાણકારોનો વિશ્વાસ વધ્યો છે. અને આ સાથે ભારતની ઓનલાઈન ભૂગતાન પ્રણાલી UPI નો વ્યાપ વધતાં નાણાકીય લેવડદેવડ પણ સરળ બની.

[IV] ભારતમાં ભ્રષ્ટાચાર, ફ્રોડ કે ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમને અટકાવવા તથા મની લોન્ડરિંગ સામે લડવા માટે અપનાવવામાં આવેલ ડિજિટલ મની ટ્રાન્સફર સિસ્ટમથી રોકડમાં નાણાની લેવડદેવડ અટકી અને સાથે જ રોકડમાં થતાં નાણા વ્યવહારોમાં જનધન, આધાર અને આધાર સાથે મોબાઈલનું લિંકઅપ નાણાકીય સમાવેશી કામગીરીને સરળ બનાવી છે.

## [*] માઝી લડકી બહિન યોજના - મહારાષ્ટ્ર

[I] મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારે 21 થી 60 વર્ષની પાત્ર મહિલાઓને રૂ.1500 પ્રતિમાસ આપવા માટેની આ યોજના અમલમાં મૂકી.

[II] આ ઉપરાંત પાંચ સભ્યના પાત્ર પરિવારને મુખ્યમંત્રી અન્નપૂર્ણા યોજના હેઠળ વાર્ષિક ત્રણ રાંધણગેસના બાટલા મફત અપાશે. તથા કપાસ અને સોયાબીનની ખેતી કરતા ખેડૂતોને પ્રતિ હેક્ટર 5000રૂ. બોનસ આપશે.

[III] આ ઉપરાંત દૂધ ઉત્પાદકોને રૂ.5/લિટર બોનસ આપશે. તથા જનાવરોના હુમલાથી મૃત્યુ કેસમાં રૂ.20 થી વધારી રૂ.25 લાખ સહાય અપાશે.

## [*] આંતરરાષ્ટ્રીય અનાનસ દિવસ - 27 જૂન

[I] ભારતમાં મુખ્યત્વે ત્રિપુરામાં થતા અનાનસના ઉત્પાદનને વેગ આપવા અને ત્રિપુરાના રાજ્યફળ ક્વીન અનાનસને વૈશ્વિક ઓળખ આપવા આ દિવસ મનાવાય છે.

[II] છેલ્લાં 5 વર્ષમાં સરકારે અનાનસના ઉત્પાદનને વધારવા માટે બાગાયત મિશન યોજના અંતર્ગત ઉત્પાદકોને વિશેષ નાણાકીય સહાય પણ આપવાની શરૂઆત કરી છે.



[III] કોસ્ટા રિકા (અમેરિકા) દુનિયાનો સૌથી મોટો અનાનસ ઉત્પાદક દેશ છે. જ્યારે ઈન્ડોનેશિયા અને ફિલિપાઈન્સ દુનિયાના અન્ય શીર્ષ ઉત્પાદન સ્થાન ધરાવતા સ્થળો છે.

• <u>અનાનસ સેવનના ફાયદા</u> •

→ સ્કિન, વાળ, હૃદય સારા રહેશે.

→ તેમાં પ્રોટીન, મિનરલ, ફાઈબર, ફોસ્ફરસ, કેલ્શિયમ, વિટામીન A અને વિટામીન C ભરપુર હોય છે.

→ અનાનસથી વજન ઘટે, ઈમ્યુનિટી બુસ્ટર થાય, હૃદય માટે સ્વાસ્થ્યવર્ધક, અનિયમિત માસિકસ્ત્રાવમાં નિયંત્રણ, આર્થરાઈટિસ (વા) ના રોગ સામે લડત.

## [*] અયોધ્યામાં બનશે 'મંદિરોનું સંગ્રહાલય' બનાવશે.

[I] UP સરકારે અયોધ્યામાં 650 કરોડના ખર્ચે સંગ્રહાલય બનાવવાના ટાટા સન્સના પ્રસ્તાવનો સ્વિકાર કર્યો. જેમાં પર્યટન વિભાગ 90 વર્ષના પટ્ટે 1રૂ. ટોકન દરે આંતરરાષ્ટ્રીય સ્તરે સંગ્રહાલય માટે જમીન આપશે.

[II] અહિં, ભારતના પ્રસિદ્ધ મંદિરોનો ઈતિહાસ અને વાસ્તુકલા પ્રદર્શિત કરવામાં આવશે. અને તેના દ્વારા મુખ્યમંત્રી પર્યટન ફેલોશિપ કાર્યક્રમ હેઠળ પર્યટન વિકસાવાશે.

## [*] મઝગાંવ ડોક શિપબિલ્ડર્સને 'નવરત્ન'નો દરજ્જો અપાયો.

[I] મઝગાંવ શિપબિલ્ડર્સને મળેલાં આ દરજ્જાથી ભારતમાં 18 સાર્વજનિક સંસ્થાઓ 'નવરત્ન' કંપની બની.

[II] નવરત્ન કંપની હોવાના હિસાબે સંસ્થાને રૂ.1000 કરોડના રોકાણ માટે કેન્દ્ર સરકાર પાસેથી મંજૂરી લેવાની આવશ્યકતા રહેશે નહિ. તથા વાર્ષિક આ સંસ્થા કુલ સંપત્તિના 30% સુધી રોકાણ કરી શકશે. જે લગભગ 1000 કરોડથી ઓછું હશે.

[III] નવરત્ન કંપનીને સંયુક્ત ઉદ્યમ, વિદેશમાં સહાયક કંપની સ્થાપવાની પરવાનગી પણ મળે છે.

### • નવરત્ન દરજ્જો મેળવવાની લાયકાત •

(1) કંપની મિનીરત્નનો દરજ્જો ધરાવતી હોવી જોઈએ.

(2) કંપની સતત ત્રણ વર્ષથી રૂ. 5000 કરોડનો ચોખ્ખો નફો રળતી હોવી જોઈએ. અને ત્રણ વર્ષથી 25,000 કરોડ રૂ.ની વાર્ષિક સરેરાશ કારોબાર ધરાવતી હોવી જોઈએ.

Current Affairs By C.H.Shingala
Crack GPSC

# * 30 June - 2024 *

## [*] કપિલ દેવ પ્રોફેશનલ ગોલ્ફ ટૂર ઓફ ઇન્ડિયાના અધ્યક્ષ

[I] ભારતીય ક્રિકેટર કપિલ દેવ હાલ (આધ્યક્ષ તરીકે કાર્યરત હતા જેઓને અધ્યક્ષ બનાવાયા છે. અને તેઓ એચ. આર શ્રીનિવાસનનું સ્થાન લેશે.

[II] ગોલ્ફ છેલ્લાં ત્રણ દશકથી કપિલ દેવના જીવનનો મહત્વપૂર્ણ હિસ્સો રહ્યો છે. અને તેઓ એશિયાઇ ગેમ્સમાં ગોલ્ફમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવાની ઇચ્છા પણ ધરાવતા હતા.



[III] કપિલ દેવે ભારત માટે 131 ટેસ્ટમેચ અને 225 વનડે મેચ રમ્યા છે. તથા 1983 માં વિશ્વકપ જીતનાર ટીમનું નેતૃત્વ પણ કર્યું છે.

## [*] પેન પિંટર પુરસ્કાર - અરુંધતિ રોયને.

[I] પ્રતિષ્ઠિત પેન પિંટર પુરસ્કાર 2024 બુકર વિજેતા લેખિકા અરુંધતિ રોયને તેમના 'આડગ અને અટલ' લેખન માટે અપાયો છે.

[II] 2009 માં ચૈરિટી સંસ્થા ઇંગ્લિશ પેન દ્વારા આ પુરસ્કાર અભિવ્યક્તિની સ્વતંત્રતાની રક્ષા કરવા અને નોબેલ વિજેતા નાટકકાર હેરોલ્ડ પિંટરની સ્મૃતિમાં સાહિત્યને સન્માનિત કરવા અપાય છે.

**[*] કેન્દ્રીય મંત્રી જીતન રામ માંઝીએ વિશ્વ MSME દિવસ પર બે નવી પહેલ શરૂ કરી.**

[I] કેન્દ્રીય મંત્રી જીતન રામ માંઝીએ ઈ-કોમર્સનો ઉપયોગ કરતા સૂક્ષ્મ અને લઘુ વ્યવસાયોનો વેપાર વધારવા બે પહેલો શરૂ કરી.

[II] MSME ટ્રેડ ઈનેબલમેંટ એન્ડ માર્કેટિંગ (ટીમ) પહેલ અંતર્ગત ઓપન નેટવર્ક ફોર ડિજિટલ કોમર્સ પ્લેટફોર્મના ઉપયોગ થકી ઓનલાઈન વેપારમાં ભાગ લેવા નાના વ્યવસાયોને પ્રોત્સાહિત કરાશે. જેમાં 5 લાખથી વધુ નાના ઉદ્યોગોને લાભ મળશે.

[III] 'યશસ્વિની' પહેલ ઉદ્યમ મહિલા-નેતૃત્વ ધરાવતા વ્યવસાયોના શકોલ અને વધુ વેપારના અવસરને વધારવા માટેનું કામ કરાશે.

Current Affairs By CJ Shingala

**[*] અમેરિકા ભારતનું ટોચનું રક્ષા નિર્યાતકાર બન્યું**

[I] ભારતમાં અમેરિકી ઉદ્યોગના મુખ્ય ચેમ્બર, અમેરિકન ચેમ્બર ઓફ કોમર્સ ઈન ઈન્ડિયાએ ભારત-અમેરિકા રક્ષા ગઠબંધનથી થયેલ આ મહત્વપૂર્ણ લાભની જાહેરાત કરી આપી.

[II] અમેરિકાએ કુલ નિકાસના 50% અને છેલ્લા 5 વર્ષમાં $2.૪ બિલિયન ડોલરથી વધુ નિકાસ સાથે ભારતનું શીર્ષ ગંતવ્ય બન્યું.

[III] અમેરિકી કંપનીઓ અને ભારતીય સંસ્થાઓ જેવી કે લોકહીડ માર્ટિન-ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ, GE-HAL ના સંયુક્ત ઉપક્રમે રક્ષાક્ષેત્રે પ્રગતિ સાધવામાં આવી છે.

[IV] ભારતમાં અમેરિકી રક્ષા ઉદ્યોગના 28,000 થી વધુ પ્રત્યક્ષ નોકરી અને અન્ય 20,000 વ્યક્તિઓને અપ્રત્યક્ષ રોજગારી પ્રાપ્ત થઈ છે.

## (*) સેન્ટ્રલ ઈલેક્ટ્રોનિક્સ લિ. ને 'મિની રત્ન'નો દરજ્જો.

I) કેન્દ્રીય મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહ સાહિબાબાદ પરિસરમાં સેન્ટ્રલ ઈલે. લિ.ના સ્વર્ણ જયંતી સમારોહમાં આ દરજ્જો આપ્યો.

II) CEL નુકશાનમાં ચાલી રહી હતી. જેને PSU ના લાભાંશ અપાતા તેના નફામાં વધારો થયો અને સતત ત્રીજા વર્ષે નફો દર્શાવ્યો.

III) CEL નો ચોખ્ખો નફો આશરે 54 કરોડ રૂ. નો નફો છે. જે તેને મિનીરત્નનો દરજ્જો મેળવવા માટે પૂરતો છે.

**• CEL •**

→ વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક વિભાગનું સાહસ છે. જેની સ્થાપના 1974માં રાષ્ટ્રીય પ્રયોગશાળાઓ અને સંશોધન સંસ્થાઓ દ્વારા કરવામાં આવી હતી.

→ આ સંસ્થા સોલાર ફોટોવોલ્ટેઇક ક્ષેત્રમાં દેશમાં અગ્રણી સ્થાન ધરાવે છે.

Current Affairs By C.H.Shingala GPSC


## (*) માનવીય પ્રવૃત્તિના કારણે બોર્નિયન હાથી લુપ્તપ્રાય બન્યા.

I) કૃષિ, ખનન, લાકડાની કાપણી જેવી માનવીય પ્રવૃત્તિના કારણે IUCN એ બોર્નિયન હાથીને લુપ્તપ્રાય જાહેર કર્યા.

II) IUCN ના અહેવાલ મુજબ હાલ માત્ર 1000 બોર્નિયન હાથી બચ્યાં છે. છેલ્લાં 75 વર્ષમાં તેમના રહેઠાણ વિસ્તારમાં પણ ઘટાડો નોંધાયો છે.

III) હાથીદાંત માટે અવૈધ શિકાર, કૃષિ રસાયણોના આકસ્મિક શરીર પ્રવેશ, વાહન અકસ્માત પણ હાથીની વસ્તી ઘટવાના કારણોમાંનું એક છે.

IV) બોર્નિયન હાથી મલેશિયા અને ઇન્ડોનેશિયામાં જોવા મળે છે.



# કરન્ટ અફેર્સ

Crack GPSC

## Daily કરન્ટ અફેર્સ PDF આપને ટેલિગ્રામ ચેનલમાં મળશે.

/CrackGPSCapp

**એપ્લિકેશનમાં Current Affairs વિભાગમાં આપને મળશે ...**

- Monthly મેગેઝિન
- કરન્ટ શતક
- પ્રેક્ટિસ
- MCQ PDF
- One-Liner PDF
- Important Articles

## Current Affairs મોક ટેસ્ટ વિભાગ

જેમાં GPSC Class 1, 2 અને 3 - તમામ લેવલની
મોક ટેસ્ટ આજની પરીક્ષા પદ્ધતિ મુજબ લેવામાં આવે છે.
તો ચોક્કસ MOCK TEST નો લાભ લો.

# કોઈપણ પરીક્ષા માટે થઈ જાઓ તૈયાર

જેટલી વહેલી મહેનત શરૂ કરશો, એટલી વહેલી સફળતા મળશે.

**UP TO 40% OFF**

## અમારાં મહત્વનાં પુસ્તકો - આજે જ વસાવો

**IAS, IPS, DySP, Dy. Collector કે Class 1/2/3 અધિકારી બનવાનું કે સરકારી નોકરી મેળવવાનું આપનું સ્વપ્ન કરો સાકાર**




MRP. ~~496/-~~ Only @ 299/-




MRP. ~~380/-~~ Only @ 230/-




MRP. ~~380/-~~ Only @ 230/-




Coming...




Coming...

### કોઈ પણ 3 BOOKS એક સાથે લેવા પર સ્પેશ્યલ Rs. 50/- Extra ડિસ્કાઉન્ટ




MRP. ~~270/-~~ Only @ 162/-




MRP. ~~230/-~~ Only @ 170/-




MRP. ~~385/-~~ Only @ 235/-




MRP. ~~280/-~~ Only @ 168/-




MRP. ~~180/-~~ Only @ 126/-

**ORDER**

Visit website crackgpsc.com/books **OR અથવા** Crack GPSC એપમાં BOOKS વિભાગ પરથી **OR અથવા** અહીં આપેલ QR કોડ દ્વારા પેમેન્ટ કરો.

કુરિયર સર્વિસ FREE (4 થી 5 દિવસમાં ડિલીવરી)

QR કોડથી પેમેન્ટ કરીને સ્ક્રીનશોટ 76000 51070 પર Whatsapp કરો.

## Crack GPSC ની બુક્સ જોરદાર જ હોય

સરકારી નોકરીની તૈયારી માટે


76000 51070

ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

**CRACK GPSC**

# સ્પર્ધાત્મક પરીક્ષા માટે અગત્યનાં પુસ્તકો

**બુકની ઈમેજ પર ક્લિક કરી બુકની સંપૂર્ણ માહિતી મેળવો અને ઓર્ડર કરો.**




ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

**CRACK GPSC**

**UPSC - GPSC - PI - PSI - RFO**

**Dy. SO/મામ. | ક્લાર્ક | તલાટી | કોન્સ્ટેબલ**

TAT | TET | HTAT

**એક એપ, બધી પરીક્ષાઓ**



વધુ માહિતી માટે Crack GPSC એપમાં BOOKS વિભાગ વિઝિટ કરો. એમેઝોન પર પણ ઉપલબ્ધ .

# એક એપ, બધી પરીક્ષાઓ

કોઈ પણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી આટલી સરળ ક્યારેય નહોતી...

# સરકારી નોકરીની તૈયારી કરો

ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

## CRACK GPSC

**UPSC - GPSC - PI - PSI - RFO**

**Dy. SO / મામ. | કલર્ક | તલાટી | કોન્સ્ટેબલ**

**TAT | TET | HTAT**



- ક્લાસ 1, 2 અધિકારી બનવાનું કે સરકારી નોકરી મેળવવાનું સ્વપ્ન કરો સાકાર.
- ડાઉનલોડ કરો Crack GPSC એપ અને તૈયારી કરો ગમે ત્યારે, ગમે ત્યાંથી

અનુભવી અને સફળ ફેકલ્ટીઝ સાથે ઓછા સમયમાં સચોટ તૈયારી એટલે **Crack GPSC**

વધુ વિગત માટે સંપર્ક કરો. **7600051070**

રામમંદિર પ્રાણપ્રતિષ્ઠા આનંદ મહોત્સવ નિમિત્તે

# હાર નહિ માનુંગા

## કોઈ પણ પરીક્ષા માટે થઈ જાઓ તૈયાર



ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

**CRACK GPSC**

## FEE ની ચિંતા છોડો, FREE તૈયારી કરો.

- **Video Courses** પર ક્લિક કરી **કોર્સ** પર ક્લિક કરો.
- **Redeem Code** પર ક્લિક કરી **CrackGPSC** કોડ દાખલ કરો.
- **APPLY** પર ક્લિક કરો. આપના કોર્સ તરત જ ON થઈ જશે.

(કોડ એક જ વખત નાખવો, વધુ વખત નાખવાથી કોર્સ કાયમ માટે બંધ થઈ શકે છે.)

અભ્યાસ/જોબ સાથે, ઘરે બેઠાં, ઓછા સમયમાં કોઈ પણ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરો.